# આત્મધર્મ

## વર્ષ ૨૭

## સળંગ અંક ૩૧૬

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2004 | First electronic version. |

દંસણમૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૧૬





## અડોલ...ધીર...ગંભીર જ્ઞાન

જ્ઞાનચેતનાના ગંભીર મહિમાપૂર્વક ચર્ચામાં ગુરુદેવે કહ્યું કે જેને સંસારનો અંત આવવાની તૈયારી હોય એવા મુમુક્ષુ જીવને માટે આ અધ્યાત્મવિષય છે.

જેને ચૈતન્યની રુચિ થઈ, તેનો રંગ લાગ્યો ને તેને સાધવા નીકળ્યો તેને, જગતની ગમે તેવી હલચલ પોતાના માર્ગથી ડગાવી શકતી નથી, ભગવાન આત્માનો ચેતકસ્વભાવ કોઈથી હલાવ્યો હલે નહીં. કોઈથી ઘેરાય નહીં; એવા સ્વભાવને સાધવા નીકળ્યો તે કોઈથી હલાવ્યો હલે નહિ. કોઈથી ઘેરાય નહિ. ચૈતન્યના ઝગઝગતા અબાધિત 'તેજ–પ્રકાશ' એને ખીલ્યાં.

તેની ચૈતન્યમાં ગંભીરતા છે...ધીરતા છે; તેમાં રાગ તરફનો ઉત્સાહ નથી; પરભાવના ઉછાળા તેનામાંથી શમી ગયા છે, એની ચાલ ધારાવાહી છે, આનંદ સાથે એકરૂપ પરિણતિ કરતી તે ચેતના ધીરગંભીરપણે નિજસ્વભાવ તરફ ચાલી જાય છે; બીજે ક્યાંય તે અટકતી નથી.


અહા, આવી ચેતના...તે મોક્ષને સાધનારી છે. તે છૂટી જ છે કોઈથી બંધાયેલી નથી. કેવળજ્ઞાન સાથે તે કેલિ કરે છે.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૬ મહા (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૭ઃ અંક ૪

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# અરિહંત મારા દેવ છે




અરિહંત મારા દેવ છે,
સાચા એ વીતરાગ છે,
જગતને એ જાણે છે,
મુક્તિમાર્ગ દેખાડે છે...અરિહંત૦
જ્યાં સમ્યક્ દર્શન–જ્ઞાન છે,
ચારિત્ર વીતરાગ છે,
એવો મુક્તિ–મારગ છે,
મારા પ્રભુ દેખાડે છે...અરિહંત૦
અરિહંત તો શુદ્ધ–આત્મા છે,
હું પણ એના જેવો છું,
અરિહંત જેવો આત્મા જાણી,
મારે અરિહંત થાવું છે...અરિહંત૦

卐

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૬
માગશર
1970 Feb.

* વર્ષ ૨૭: અંક ૪ *

# ગુરુદેવના પગલે પગલે... (પ્રવાસવર્ણન: ૧)

## * આનંદરૂપી મોતીને ચરનારો ચૈતન્યહંસ *

* સોનગઢથી પોષ વદ અમાસની વહેલી સવારમાં મંગલપ્રસ્થાન પ્રસંગે મંગલરૂપે ગુરુદેવે કહ્યું કે આ આત્મા ચૈતન્યહંસલો છે; જેમ માનસરોવરમાં રહેનારા હંસ તો સાચા મોતીના ચારા ચરનારા છે; તે કાંકરાને તો ન ચરે ને જારનાં દાણા પણ ન ચરે; તેમ સુખના સરોવરમાં રહેનારો આ ચૈતન્યહંસલો તો આનંદરૂપી મોતીના ચારા ચરનાર છે; તે અશુભ–કાંકરાને તો ન ચરે, ને જાર જેવા શુભને પણ ન ચરે. શુભને પણ ન ચરે તો અશુભની તો વાત જ શી? એ તો આનંદના મોતીના ચારા ચરનારો છે. આવો આનંદ તે આ ચૈતન્યહંસલાનો સ્વભાવ છે. તે મહામંગળ છે.

–આવા મંગલપૂર્વક, બે ઠેકાણે પંચકલ્યાણક–પ્રતિષ્ઠા અને બે ઠેકાણે વેદીપ્રતિષ્ઠા નિમિત્તે સોનગઢથી મંગલપ્રસ્થાન કર્યું અને રસ્તામાં પણ એનું જ રટણ કરતા, તથા ૪૭ શક્તિદ્વારા આત્મવૈભવને યાદ કરતા કરતા રાજકોટ પહોંચ્યા.

* રાજકોટ: રાજકોટમાં દશાશ્રીમાળી વણિક ભોજનશાળામાં સ્વાગત–ગીત બાદ બે હજાર જેટલા જિજ્ઞાસુ શ્રોતાઓએ ગુરુદેવનું મંગલપ્રવચન સાંભળ્યું. પ્રવચનમાં ગુરુદેવે કહ્યું: આ દેહથી જુદો આત્મા આનંદસ્વરૂપ છે. જેમ લીંડીપીપર પોતે તીખાશસ્વભાવથી ભરેલી છે, તેમાંથી ૬૪ પહોરી પૂરી તીખાશ પ્રગટે છે, તે કયાંય બહારથી નથી આવતી; તેમ જ્ઞાન અને સુખસ્વભાવથી ભરપૂર આત્મા છે, તેનામાં પૂરો આનંદસ્વભાવ ભર્યો છે, તેમાં એકાગ્ર થતાં પોતામાંથી જ આનંદ પ્રગટ થાય છે. પરમાત્માને જે પૂર્ણ આનંદ પ્રગટયો તે કયાંથી આવ્યો? શું દેહમાંથી તે આનંદ આવ્યો?–ના; અશુભ કે શુભ રાગમાંથી તે આનંદ આવ્યો?–ના; આત્મામાં પૂર્ણ આનંદસ્વભાવ ભર્યો છે તેમાંથી જ તે પ્રગટયો છે.

સવારમાં (સોનગઢમાં) કહ્યું હતું કે માનસરોવરના હંસલા તો મોતી ચરે, તે કાંઈ કાંકરા કે જુવારના દાણા ન ખાય; તેમ શુદ્ધઉપયોગસ્વભાવી આત્મા, ચૈતન્ય હંસલો, તે આનંદના ચારા ચરનારો છે, તે રાગના ચારા ચરનારો નથી.

આત્માના સ્વભાવની પ્રતીત કરીને સાધક કહે છે કે હે પ્રભો! આપે અમારા આત્માને પણ આપના જેવો શુદ્ધસ્વભાવી દેખ્યો છે; આનંદકંદ આત્મા છે તે શુદ્ધોપયોગરૂપ છે. નિર્વિકલ્પ થઈને શુદ્ધ ઉપયોગના સરોવરમાં અતીન્દ્રિય આનંદના મોતીડા ચરે એવો આ ચૈતન્યહંસલો છે; પણ પોતે પોતાને ભૂલીને આનંદને બદલે દુઃખને અનુભવે છે.

ભગવાનને પૂર્ણ આનંદ અને વીતરાગદશા પ્રગટી તે કયાંથી આવી? આત્મામાં તેવો સ્વભાવ છે, તે જ પ્રગટયો છે. તે સ્વભાવમાં એકાગ્ર થઈને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કર્યો તે જ ધર્મ છે, તે જ ઉત્કૃષ્ટ મંગળ છે.

આત્મા આનંદના વૈભવવાળો છે, તે દેહ પાસે ને સંયોગ પાસે પોતાના આનંદની ભીખ માગે એ તેને શોભતું નથી. અનંત જ્ઞાન–દર્શન–સુખ ને બળ એવા ચતુષ્ટયથી પરિપૂર્ણ ભગવાન આત્મા, તેને દૃષ્ટિમાં લેતાં આનંદનો અનુભવ થાય તે મંગળ છે.

આ દશાશ્રીમાળી ભોજનશાળામાં સં. ૧૯૮૯ માં (–૩૭ વર્ષ પહેલાં) પ્રવચન વાંચતા ત્યારે ત્રણત્રણ હજાર માણસોની સભામાં લાઉડસ્પીકર વગર પ્રવચનો કરતા; તેમજ ૧૯૯૮ ની સાલના યાદગાર પ્રસંગોનું સ્મરણ થતું હતું.

રાજકોટમાં બપોરે સમયસારના પહેલા કલશ ઉપર પ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું– આ સમયસાર એક ‘અધ્યાત્મશાસ્ત્ર’ છે. સમયસાર એટલે શુદ્ધ આત્મા તેને બતાવનારું આ શાસ્ત્ર છે. તેના મંગળ શ્લોકમાં કહે છે કે આ અનંતગુણના ધામ શુદ્ધઆત્મતત્ત્વને નમસ્કાર હો. અંદર બેહદ જ્ઞાન–આનંદસ્વભાવ છે–જેમાં શરીર નથી, જેમાં જડકર્મો નથી ને જેમાં રાગ–દ્વેષ નથી,–આવો સારભૂત આત્મા તે સમયસાર છે. તે કેવી રીતે જણાય? કે સ્વાનુભૂતિવડે પોતે પોતાને જાણે છે.

આવો આત્મા ચૈતન્યભાવમય છે. ચૈતન્ય તેનો ‘ભાવ’ છે. જેમ સોનાનો ભાવ (એટલે સોનાની પીળાશ વગેરે ગુણો) તેનાથી જુદો નથી, તેમ દ્રવ્યનો ભાવ તેનાથી જુદો હોતો નથી. આત્માનો ચિત્સ્વભાવ આત્માથી જુદો નથી. આત્માના

જ્ઞાન ને આનંદ આત્માથી જુદા નથી. જ્યાં આત્મા છે ત્યાં જ આનંદ છે, જ્યાં આત્મા છે ત્યાં જ જ્ઞાન છે, જ્યાં જ્ઞાન ને આનંદ છે ત્યાં જ આત્મા છે. આ રીતે આત્મા પોતાના ભાવોથી જુદો નથી. આવા આત્માની અંદર અનંત આનંદના નિધાન પડયા છે. તેની સ્વાનુભૂતિ થતાં આનંદ આવે, તે દ્વારા આત્મા પ્રકાશે છે કે 'હું આવો છું' .


(ત્રણચાર હજાર માણસો જિજ્ઞાસાભર આત્મતત્ત્વની સ્વાનુભૂતિની આ વાત સાંભળી રહ્યા હતા; ત્યારે ૩૭ વર્ષ પહેલાંના એ દ્રશ્યો તાજા થતા હતા કે જ્યારે ૪૩ વર્ષની વયના ગુરુદેવ આ ભોજનશાળાને લાઉડસ્પીકર વગર પણ આત્મપ્રવચનથી ગજાવતા હતા, ને આખી ભોજનશાળા શ્રોતાજનોથી ઉભરાઈ જતી.)

ગુરુદેવ કહે છે કે હે ભાઈ! તારી દશાને સ્વ તરફ વાળીને અંતરમાં જો. બહારના શરીરનું ખોખું તે તું નથી. અંદર ચૈતન્યસ્વરૂપ આત્મા આનંદનો કંદ છે, તે કાંઈ શરીરરૂપ થયો નથી. સ્વાનુભૂતિ વડે જ આવો આત્મા જણાય છે.–આ વાત પરમેશ્વરના પ્રતિનિધિ એવા સંતોએ જાતે અનુભવીને શાસ્ત્રમાં ફરમાવી છે. રાગથી પાર એવી અંતરની સ્વાનુભૂતિ વડે તારો આત્મા તને પ્રત્યક્ષ થશે.–આવો અનુભવ થાય ત્યારે આત્મામાં આનંદના દરિયા ડોલી ઊઠે...ત્યારે સમ્યગ્દર્શન થાય ને ધર્મ થયો કહેવાય. તે જીવ ભગવાનના માર્ગમાં ભળ્યો.



## આ તરફ આવો

ચૈતન્યતત્ત્વને અનુભવવામાં જે જાગૃત નથી ને રાગના જ અનુભવમાં લીન થઈને સૂતા છે–ઊંઘે છે, એવા અંધ પ્રાણીઓને જગાડીને આચાર્યદેવ કહે છે કે અરે જીવો! તમે જાગો...ને તમારા ચૈતન્યમય તત્ત્વને રાગથી અત્યંત ભિન્ન દેખો. રાગમાં તમારું નિજપદ નથી, તમારું નિજપદ ચૈતન્યમાં જ છે, તેને તમે દેખો...દેખો. રાગ તરફ અનાદિથી દોડી રહ્યા છો, ત્યાંથી પાછા વળો...પાછા વળો...પાછા વળો, ને આ અંતરના ચૈતન્યપદ તરફ આવો...આ તરફ આવો. તમારા આ શુદ્ધ ચૈતન્યપદને દેખીને આનંદિત થાઓ.



# કદી ન સાંભળેલી વાત

**જામનગર શહેરમાં પૂ. શ્રી કાનજી સ્વામીનાં પ્રવચનોમાંથી**

**( વીર. સં. ૨૪૯૬ માહ સુદી ૧ થી ૭ સુધી )**

* * * * *

આત્મા દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વ છે, તે સર્વજ્ઞ સ્વભાવથી પરિપૂર્ણ છે. તેને ઓળખી તેમાં એકાગ્ર થતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે; તેને ભગવાન પરમાત્મા કહેવાય છે.

જેમ લીંડીપીપરમાં તીખાશ છે તેમ દરેક આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત ભરી છે. આવો સ્વભાવ પોતામાં હોવા છતાં અજ્ઞાની જીવે તેનો અનુભવ, તેનો પરિચય કે તેનું યથાર્થ શ્રવણ પૂર્વ કદી કર્યું નથી. અને એવો સ્વભાવ દેખાડનારા જ્ઞાનીઓનો સંગ પણ તેણે કદી કર્યો નથી. તેથી સુલભ હોવા છતાં પોતાના સ્વભાવની વાત તેને દુર્લભ થઈ પડી છે.

તે દુર્લભ એવું એકત્વ–વિભક્ત સ્વરૂપ આચાર્ય ભગવાને આ સમયસારમાં બતાવ્યું છે. અરે જીવ! આત્માના શુદ્ધ નિજાનંદ સ્વરૂપનો ભોગવટો છોડીને, શુભાશુભભાવરૂપ ઈચ્છાની ને ભોગવટાની તથા બંધનની જ વાત સાંભળી છે ને તેનો જ પ્રેમ કર્યો છે. પણ આત્માના સ્વભાવમાં જે અનંતગુણનો નિજવૈભવ છે તેની પ્રીતિ કદી કરી નથી.

શરીર ને આત્માનો જે સંયોગ છે તેમાં શરીર તો અજીવપણે જ રહ્યું છે, ને આત્મા પોતાના ચેતનભાવપણે જ રહ્યો છે. શરીર અજીવ મટીને જીવનું નથી થયું, ને જીવ પોતે ચેતન મટીને કદી જડ થયો નથી.

શરીરનો સંયોગ તો છૂટી જાય છે ને આત્મા કાયમ રહે છે; જો શરીર આત્માનું હોય તો આત્માથી જાુદું પડે જ નહીં. જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે, તે કદી આત્માથી જાુદું પડતું નથી.

જ્ઞાનસ્વરૂપ આત્મા શરીરથી જાુદો છે, ને શુભ–અશુભ ( પુણ્ય–પાપ ) ભાવોથી

પણ તે જ્ઞાનસ્વરૂપ જુદું છે. જ્ઞાન તો પવિત્ર સ્વરૂપ છે, ને શુભ–અશુભ વૃત્તિઓ તો મલિન છે. તે મલિન વૃત્તિઓને જ અજ્ઞાની જીવોએ અનુભવી છે. ઇન્દ્રિયવિષયો તરફની અશુભવૃત્તિઓ તો અત્યંત દુઃખરૂપ છે–જેમ શીતળ જળમાંથી બહાર આવીને તડકામાં તડફડતું માછલું દુઃખી થાય, તેમ જ્ઞાનસરોવરમાંથી બહાર આવીને અશુભ વૃત્તિમાં રહેવું તે તો મહાદુઃખ છે, અને બહારની શુભવૃત્તિઓ પણ દુઃખરૂપ છે. બંને વૃત્તિઓથી પાર જ્ઞાનાનંદસ્વરૂપ જેવા અરિહંત પરમાત્મા છે તેઓ જ આ આત્મા છે–એવો અનુભવ કરવો, ઓળખાણ કરવી તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે.

જડના સ્પર્શ–રસ–ગંધ–વર્ણ તેમાં આત્માનું કિંચિત્ સુખ નથી, છતાં તેમાં સુખ માને છે તે અજ્ઞાની છે. ચૈતન્યના સુખને ચૂકીને બહારમાં સુખ માન્યું કે બહારના જડ વિષયોને પોતાના માન્યાં–તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. જડથી ભિન્ન પોતાનો અતીન્દ્રિય આત્મા, તેને ભૂલીને અજ્ઞાનીએ શું કર્યું ? –

* આત્માના આનંદનો અનુભવ ન કર્યો;

* જડનો અનુભવ ન કર્યો;

* શુભ–અશુભ વૃત્તિઓનો જ અનુભવ કર્યો.

ચિદાનન્દસ્વભાવના એકત્વથી વિરુદ્ધ એવી તે શુભાશુભ બંધભાવોની વિકથા જીવે પ્રેમથી સાંભળી છે ને તેવા જ ભાવો રગડીરગડીને અનુભવ્યા છે; તેમાં તો આત્માનું અહિત છે. ચૈતન્યનો જે કર્મબંધ વગરનો વીતરાગી જ્ઞાનાનંદસ્વભાવ, તેની રુચિ એકવાર પણ પ્રગટ કરે તો અપૂર્વ ભાવ પ્રગટે ને અલ્પકાળમાં જરૂર મોક્ષ પામે.

ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પોતે આનંદસ્વરૂપ છે, પરથી ભિન્ન પોતાના એકત્વસ્વરૂપમાં તે શોભે છે; પણ તેને ભૂલીને, અજ્ઞાનથી વિકારભાવરૂપ દ્વૈત ઊભું કરીને તે–રૂપેજ પોતાને અનુભવે છે, ને પુણ્ય–પાપરૂપી કષાયચક્રમાં પીસાય છે. મોહને લીધે સંસારચક્રમાં પરિભ્રમણથી તે દુઃખી છે. એવા દુઃખી જીવો ઉપર કરુણા કરીને આચાર્યદેવ તેને તેનું શુદ્ધ એકત્વસ્વરૂપ બતાવે છે.

આત્મામાં શુભ–અશુભભાવનો રંગ અનાદિથી ચડાવ્યો છે, પણ તે બંનેથી ભિન્ન એવા ચૈતન્યનો રંગ લગાડીને, આત્મામાં નવો રંગ ચડાવવાની આ વાત છે. અશુભ ને શુભ એવા કષાયચક્રના સેવનમાં જ જીવ રોકાયો છે, પણ અનંત ગુણની સિદ્ધિ પોતાના ચૈતન્યધામમાં જ ભરી છે તેને જીવ અનુભવતો નથી.

પાંચ ઇંદ્રિયના વિષયો ચૈતન્યથી પાર છે. ઇંદ્રિયભોગોનું સેવન તે તો પાપ છે, અને બહારના શુભભાવના નિમિત્તરૂપ વિષયો તે પણ ઇંદ્રિયવિષયો જ છે; ભલે પુણ્યનું કારણ,–પણ તે કાંઈ ચૈતન્યની જાત નથી, ચૈતન્યનું સ્વરૂપ તે નથી. ચૈતન્યસ્વરૂપ તો પાપ કે પુણ્ય બંને પ્રકારના વિષયોથી પાર છે. આવા તત્ત્વને જીવે કદી અનુભવમાં નથી લીધું, તેથી તે અપૂર્વ છે. ભાઈ ! કદી નહીં સેવેલા એવા આ ચૈતન્યના એકત્વસ્વરૂપનું તું સેવન કર. એના સેવન વડે તારું ભ્રમણ મટીને તું ભગવાન થઈશ.

જેમ ચમકદાર મોતીનાં પાણીને ઝવેરી જ પારખી શકે છે, ગામડાનો પટેલિયો તેને પારખી નથી શકતો; તેમ અનંત ગુણોથી ચમકદાર એવું ચૈતન્યરત્ન, અતીન્દ્રિય આનંદના તરંગથી ઉલ્લસી રહ્યું છે, એ ચૈતન્યરત્નનાં તેજ જ્ઞાની જ પારખી શકે છે; જેને બહારની ચીજનો પ્રેમ છે ને રાગનો પ્રેમ છે તે મંદબુદ્ધિ જીવ રાગથી પાર ચૈતન્યરત્નનાં તેજને ઓળખી શકતો નથી.

અહા, રાગ અને આત્માની ભિન્નતા છે, તેનું ભાન થતાં સુખનો ખજાનો ખૂલી ગયો. રાગના પ્રેમ આડે ચૈતન્યના ખજાનાને તાળાં દેવાઈ ગયા છે, પણ રાગથી જાુદો પડીને અંદરમાં નજર કરે ત્યાં તો આનંદનો છલોછલ દરિયો ઊછળી રહ્યો છે, ને અનંતા ચૈતન્ય–નિધાન નજર સામે દેખાય છે. પોતાના આવા નિધાનની વાત જ્ઞાનીએ સંભળાવી ત્યારે પણ જીવે તેની દરકાર ન કરી એટલે પોતાના સ્વભાવની વાત પ્રેમથી તેણે લક્ષમાં ન લીધી એટલે તેનું શ્રવણ પણ ન કર્યું. માટે કદી નહીં સાંભળેલી એવી પોતાના સ્વભાવની વાતનું અપૂર્વ રુચિથી શ્રવણ કરવું.

પોતે આત્માને જાણ્યો નહીં અને આત્માને જાણનારા ‘જ્ઞાની’ નો સંગ પણ ન કર્યો. જ્ઞાનીનો સંગ ખરેખર કયારે કર્યો કહેવાય ? કે ‘જ્ઞાની’ એટલે શું તે પહેલાં ઓળખે. કાંઈ શરીર તે જ્ઞાની નથી, રાગ તે જ્ઞાની નથી, જ્ઞાની તો અંદરમાં રાગથી પાર જ્ઞાનના અનુભવરૂપે પરિણમેલો આત્મા છે. એવા આત્માને લક્ષગત કરીને જ્ઞાનીનો સંગ કરે ત્યારે તેણે જ્ઞાનીની ઉપાસના કરી કહેવાય; તેમાં આત્માના સ્વભાવનો અપૂર્વ ઉત્સાહ છે. રાગનો ઉત્સાહ છોડીને આત્માનો ઉત્સાહ પ્રગટ કરે ત્યારે સાચું શ્રવણ અને જ્ઞાનીનો સંગ કર્યો કહેવાય.

કષાયચક્ર એટલે પુણ્ય અને પાપના ભાવો, તેની સાથે એકમેકપણે જ અજ્ઞાની પોતાને અનુભવે છે, પણ કષાયોથી ભિન્ન, પુણ્ય–પાપ બંનેથી ભિન્ન, પોતાનું એકત્વ–

સ્વરૂપ છે તેને અજ્ઞાની અનુભવતો નથી. આ એકત્વસ્વરૂપ સમજવું તે જ પરમ હિતરૂપ છે. પુણ્ય અને તેનાં ફળ એ કાંઈ અપૂર્વ વસ્તુ નથી, એ તો અનંતવાર જીવ અનુભવી ચૂકયો છે. પણ તેનાથી પાર ચૈતન્યના નિર્વિકલ્પ આનંદના અનુભવરૂપ એકત્વની પ્રાપ્તિ તે અપૂર્વ છે, પૂર્વ કદી તે અનુભવમાં આવ્યું નથી, તેથી તે અપૂર્વ છે; તે એકત્વપણામાં જ જીવની શોભા છે. એવા એકત્વના અનુભવથી જ મોક્ષ થાય છે. માટે આચાર્યદેવ કહે છે કે મારા આત્માના નિજવૈભવથી હું આ સમયસારમાં એકત્વ–વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવું છું, તેને હે શ્રોતાજનો ! તમે તમારા પોતાના સ્વાનુભવથી પ્રમાણ કરજો.

## * જ્ઞાન અને રાગ ભિન્ન હોવાથી
## ભિન્નતાનો અનુભવ સુગમ છે *

જીવનું સ્વરૂપ ચિદ્રૂપ છે, રાગથી ભિન્ન છે. રાગથી ભિન્ન છે તેથી તેવો અનુભવ કરવો તે સુગમ છે. પોતાનું સ્વરૂપ આવું ભિન્ન હોવા છતાં, આશ્ચર્ય છે કે જીવ તેને રાગ સાથે એકમેકપણે અનુભવી રહ્યો છે. શુદ્ધતાનો અનુભવ તો પોતાના સ્વભાવની ચીજ છે તેથી તે સહજ છે–સુગમ છે. પણ ભ્રમથી અશુદ્ધ પરિણમનપણે જ જીવ પોતાને અનુભવે છે. તે અનુભવ સહજ નથી, સ્વભાવનો નથી પણ દ્રષ્ટિદોષથી તેવું અશુદ્ધ સ્વરૂપ જ દેખે છે ને એ જ વખતે શુદ્ધસ્વરૂપ વિદ્યમાન હોવા છતાં તેને દેખતો નથી. શુદ્ધજ્ઞાનસ્વરૂપને અને રાગને તો ઘણું અંતર છે, બંને વચ્ચે ઘણો તફાવત છે, કાંઇ તેમને એકતા નથી. છતાં ભ્રમથી જ અજ્ઞાની તેને એકપણે અનુભવે છે, છતાં એકમેક થયા નથી તેથી બંનેની ભિન્નતાનો અનુભવ કરવો તે સુગમ છે.

–પ્રવચનમાંથી

# સ્વભાવના આશ્રયે નિર્મળપર્યાય પ્રગટે તેનું નામ જિનમત

## ચિદાનંદસ્વભાવનો જેને રંગ લાગે તેને ધર્મનો રંગ લાગ્યો કહેવાય; એનો મહિમા મેરુથી પણ મોટો છે.

( સોનગઢઃ પોષ સુદ ૧૧, સમયસાર ગાથા ૧૨ )

પરભાવોથી ભિન્ન, જ્ઞાયક ચિદાનંદસ્વભાવને જાણીને તેના અનુભવમાં એકાગ્રતા તે શુદ્ધનય છે; અને તેના આશ્રયે જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટયો તે તીર્થ છે. તે શુદ્ધ સદ્‌ભુતવ્યવહાર છે. પર્યાયમાં આવી સાધકદશાના અનેક પ્રકારો છે તે જાણવાયોગ્ય છે. શુદ્ધસ્વભાવમાં એકાગ્ર થઈને નિર્મળ પર્યાય પ્રગટ કરવા જેવી છે.–તેમાં નિશ્ચય–વ્યવહાર બંને આવી જાય છે.

જ્યાં ચેતન ત્યાં અનંતગુણ કેવળી બોલે એમ;
પ્રગટ અનુભવ આત્મનો નિર્મળ કરો સપ્રેમ...

ચૈતન્યનો પ્રેમ કરવો એટલે તેમાં એકાગ્રતા કરવી; અખંડ ચિદાનંદસ્વભાવમાં અનંતી નિર્મળ પર્યાયો પ્રગટવાની તાકાત છે; આવી વસ્તુને લક્ષમાં લેવી તે નિશ્ચય છે; તેના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટી તે વ્યવહાર છે; તે નિશ્ચયમોક્ષમાર્ગરૂપ પર્યાય છે. રાગાદિ વિકલ્પો તે તો અશુદ્ધ વ્યવહાર છે.

આખી વસ્તુની અપેક્ષાએ નિર્મળ પર્યાય તે એક અંશ છે, ને અંશ છે તેથી વ્યવહાર છે. તેમાં સાધકદશા તે તીર્થ છે અને મોક્ષદશા પ્રગટે તે તીર્થફળ છે; આવા તીર્થ અને તીર્થફળ તે બંને વ્યવહાર છે, અંશ છે, પર્યાય છે. દ્રવ્યપણે આત્મા ભગવાન છે તે નિશ્ચય, અને તેના આશ્રયે પર્યાયમાં ભગવાનપણું પ્રગટે તે વ્યવહાર. આવો ભગવાન આત્મા, રાગ અને રોગ વગરનો ચિદાનંદ પ્રભુ, તેને ઓળખીને અનુભવમાં લેવા જેવો છે.

જિનમત એટલે વીતરાગમાર્ગ. આત્માની નિર્મળદશારૂપ મોક્ષમાર્ગ જે રીતે પ્રગટે તેનું નામ જિનમત છે. હે જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો એટલે કે આત્મામાં વીતરાગપર્યાય પ્રગટ કરવા ચાહતા હો તો નિશ્ચય અને વ્યવહાર બંને નયોને જાણો; તે બે નયોને ન છોડો. નિશ્ચય તો વસ્તુસ્વરૂપ બતાવે છે, અને

વ્યવહાર તે તીર્થ અને તીર્થસ્વરૂપ પર્યાયોને બતાવે છે. નિશ્ચય વગર અખંડ વસ્તુ સિદ્ધ નહીં થાય, ને વ્યવહાર વગર મોક્ષમાર્ગ સિદ્ધ નહીં થાય. માટે બંને નયોને જાણીને મોક્ષમાર્ગને સાધવો. શુદ્ધ દ્રવ્ય તો નિશ્ચય છે, ને તેના આશ્રયે મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે. પોતાની નિર્મળપર્યાયો તે જ વ્યવહાર છે.

અહો, ચૈતન્યમાં પરમ નિધાન ભર્યાં છે, સાદિ અનંત સિદ્ધપદ પ્રગટયા કરે છતાં જેનો વૈભવ ખૂટે નહીં એવો જગતમાં શ્રેષ્ઠ આત્મા છે, તેનો મહિમા મેરુથી પણ મોટો છે. આવા ચિદાનંદ સ્વભાવનો રંગ લાગે તેને ધર્મનો રંગ લાગ્યો કહેવાય, તેને હવે મોક્ષ લેવામાં વચ્ચે ભંગ પડે નહીં. અહો, આવો મહિમાવંત દિવ્ય શક્તિમાન પ્રભુ આત્મા, તે નિજમહિમાને ભૂલીને પરવસ્તુનો મહિમા કરીને મુંઝાઈ રહ્યો છે–દુઃખી થઈ રહ્યો છે. સંતો કરુણાથી કહે છે કે અરે, આ દિવ્ય શક્તિવાળો દેવ પોતાને ભૂલીને દુઃખી થઈ રહ્યો છે, તેમાંથી છૂટકારો કેમ થાય? ને આત્માના નિર્દોષ વીતરાગી આનંદનો અનુભવ કેમ થાય? તેની આ વાત છે. આત્માના પરમ સ્વરૂપને નિશ્ચય અને વ્યવહાર બંને નયોથી ઓળખો; શુદ્ધદ્રવ્ય ત્રિકાળ છે તેને જાણો, અને તેના આશ્રયે નિર્મળ પર્યાયો પ્રગટી તેને પણ જાણો; આવા વસ્તુસ્વરૂપને જાણતાં શુદ્ધસ્વભાવના આશ્રયે નિર્મળપર્યાયરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે.–આનું નામ જિનમત છે.

*****

## અડોલ મેરૂપર્વત

શુદ્ધતાના મેરૂપર્વત જેવો જે આ ચૈતન્યસ્વભાવ, તેમાં વચ્ચે કયાંય વિકાર ભર્યો નથી. અસંખ્ય પ્રદેશી આત્મા અચલ મેરુ છે, ગમે તેવી પ્રતિકૂળતામાં પણ નિજસ્વરૂપથી તે ડગે નહિ, તેના ગુણની એક કાંકરી ચલે નહીં, કે એક પ્રદેશ પણ હણાય નહીં. જેમ મેરુ પર્વત એવો સ્થિર છે કે ગમે તેવા પવનથી પણ તે હલે નહીં, તેમ ચૈતન્યમેરુ આત્મા નિજસ્વભાવમાં એવો અડોલ છે કે પ્રતિકૂળતાના પવનથી તે ઘેરાય નહીં, તેના કોઈ ગુણ કે ગુણની પરિણતિ હણાય નહીં. આવા સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન કરનાર ધર્માત્મા પ્રતિકૂળ સંયોગના ઘેરા વચ્ચે પણ સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાનથી ડગતા નથી. તે નિઃશંકપણે જાણે છે કે હું તો જ્ઞાન છું.

# આત્માને ઢંઢોળીને સમ્યગ્દર્શન પ્રગટ કર

શુદ્ધ આત્માના આધારે અંદરથી આત્માના આનંદનો અવાજ આવે એટલે કે અનુભવ થાય તે સમ્યગ્દર્શન છે. પ્રભુ! તું તારા ઘરમાં અંદર જઈને, આત્માને ઢંઢોળીને આવું સમ્યગ્દર્શન પ્રગટ કર.

ભાઈશ્રી છોટાલાલ ડામરદાસ (ધ્રાંગધ્રાવાળા) ના મકાનના વાસ્તુપ્રસંગે શ્રાવિકા–બ્રહ્મચર્યાશ્રમના સ્વાધ્યાયભવનમાં પૂ. ગુરુદેવનું પ્રવચન

(પોષ વદ તેરસઃ સોનગઢઃ સમયસાર ગા. ૨૭૬–૨૭૭)

મોક્ષના કારણરૂપ જે નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે પોતાના શુદ્ધઆત્માના આશ્રયે જ છે. તે શાસ્ત્ર વગેરે પરના આશ્રયે નથી. શાસ્ત્ર તરફનું વલણ તે પરાશ્રય છે, અને એવા પરાશ્રયવાળા જ્ઞાનથી આત્માનું સ્વરૂપ સમજાતું નથી. માટે તે પરાશ્રય છોડવા જેવો છે, ને શુદ્ધઆત્માનો આશ્રય કરવા જેવો છે.

જેમ સૂર્ય તે પ્રકાશનો પૂંજ છે, પ્રકાશ માટે તેને પરનો આશ્રય નથી, તેમ આત્મા પોતે ચૈતન્યપ્રકાશનો પૂંજ છે, તેને જ્ઞાનપ્રકાશમાં પરનો આશ્રય નથી. પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલીને પરના આશ્રયની બુદ્ધિથી જીવ ચાર ગતિના દુઃખમાં રખડે છે. પોતાના સ્વભાવના આશ્રયરૂપ ધર્મ તેણે એક સેકંડ પણ સેવ્યો નથી.

કલ્યાણ માટે શું કરવું? કે આત્માની સન્મુખ થઈને આત્માનું સાચું જ્ઞાન કરવું. પરના સંગથી રહિત એવા અસંગ ચૈતન્યસ્વભાવને અડીને–સ્પર્શીને–અનુભવીને જે જ્ઞાન થાય તે જ હિતકર–સુખકર જ્ઞાન છે. આત્મા કાંઈ સંયોગ જેટલો ક્ષણિક નથી, તે તો સદાય ટકનારો નિત્ય છે. પૂર્વભવનું શરીર છોડીને આ શરીરમાં આવ્યો, તે શરીરથી ભિન્ન ચેતનસ્વરૂપે નિત્ય છે. આવા સ્વભાવનું જ્ઞાન કરીને તેની અંદર વસવું તે નિજઘરનું સાચું વાસ્તુ છે. ભાઈ, તારા નિજઘરમાં એવી કઈ ખોટ છે કે તારે બહારથી લાવવું પડે? તારા જ્ઞાન–આનંદ વગેરે તારામાં જ પરિપૂર્ણ છે, તેમાં પર્યાયને એકાગ્ર કરતાં તે પ્રગટે છે. નવતત્ત્વના વિકલ્પના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી, પરજીવની દયા વગેરે શુભભાવોના આશ્રયે સમ્યક્ચારિત્ર થતું નથી; એ

તો બધા પરાશ્રયભાવ છે, તે બંધનું કારણ છે. મોક્ષનું કારણ તો શુદ્ધઆત્માના સ્વાશ્રયે છે. આવા નિજઘરમાં જીવ આવતો નથી ને પરઘરમાં જ રખડી રહ્યો છે. તેને સ્વાશ્રયરૂપ મોક્ષમાર્ગ વીતરાગી સંતોએ સમજાવ્યો છે.

આત્માની પોતાની આ વાત છે એટલે સમજાય તેવી છે. જેનામાં પરવસ્તુ નથી, રાગ નથી, એવા નિત્યાનંદરૂપ શુદ્ધઆત્માની સન્મુખ થઈને જે જ્ઞાન થાય તે જ સમ્યગ્જ્ઞાન છે. તેનો આધાર આત્મા જ છે, આત્માના આધારે તન્મય થયેલું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. તેમ જ સમ્યગ્દર્શન પણ શુદ્ધઆત્માના જ આશ્રયે છે, માટે શુદ્ધ આત્મા તે જ સમ્યગ્દર્શન છે.–આધારઆધેયને એક કરીને સમ્યગ્દર્શનને શુદ્ધઆત્મા કહ્યો. શુદ્ધઆત્મા તે સમ્યગ્દર્શનનો આશ્રય હોવાથી તે જ સમ્યગ્દર્શન છે. જુઓ, સમ્યગ્દર્શનમાં વિકલ્પનો આશ્રય નથી, પરનો–દેવગુરુનો આશ્રય નથી, પર્યાયના ભેદનો આશ્રય નથી. અભેદ એવા શુદ્ધઆત્માનો આશ્રય લઈને તેમાં એકતાથી સમ્યગ્દર્શનાદિ થાય છે. આ રીતે શુદ્ધઆત્માના આધારે અંદરથી આત્માના આનંદનો અવાજ આવે એટલે કે અનુભવ થાય છે–તે સમ્યગ્દર્શન છે. પ્રભુ! તું તારા ઘરમાં અંદર જઈને આત્માને ઢંઢોળીને આવું સમ્યગ્દર્શન પ્રગટ કર.

ધર્માત્માને સમ્યગ્દર્શનમાં શુદ્ધઆત્મા જ સમીપ છે, વિકલ્પ તે સમીપ નથી, તે તો દૂર છે–જુદો છે. એ જ રીતે તેને સમ્યગ્જ્ઞાનમાં ને સમ્યક્ચારિત્રમાં પણ શુદ્ધઆત્મા જ સમીપ છે, પંચમહાવ્રતના કે શાસ્ત્રભણતરના વિકલ્પો સમીપ નથી, દૂર છે–જુદા છે. તે વિકલ્પો વડે આત્માની મોટાઈ નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તેના વડે જ આત્માની મોટાઈ છે, ને તે જ મોક્ષનું સાધન છે. પરના આશ્રયવડે આત્માની મોટાઈ કેમ હોય? પરના આશ્રયે થયેલા વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર તે કાંઈ મોક્ષનું કારણ નથી, માટે તેનો તો મોક્ષમાર્ગમાં નિષેધ છે; અને શુદ્ધઆત્માના આશ્રયે થયેલા નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર મોક્ષનું કારણ છે; જ્યાં શુદ્ધઆત્માનો આશ્રય હોય ત્યાં નિયમથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર હોય છે, માટે તે જ ઉપાદેય છે,–એ પરમ જૈનસિદ્ધાંત છે.

# ચૈતન્યસ્વરૂપ નિજપદ

## હે જીવ ! આ શુદ્ધચૈતન્યસ્વરૂપ જ તારું સાચું પદ છે, એ સિવાય બીજું બધુંય અપદ છે...અપદ છે.

પંદર વરસ પહેલાંની વાત છે. એ વખતે પં. જવાહરલાલ નહેરુએ ભારતની કોંગ્રેસના પ્રમુખપદે, પોતાને સ્થાને સૌરાષ્ટ્રના શ્રી ઢેબરભાઈને નીમવાનું નક્કી કર્યું, તે સમાચારથી ઘણા લોકો જ્યારે આનંદની હો–હા કરતા હતા, ત્યારે પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ નીચેના ઉદ્ગાર કાઢયા હતા–

લોકોને આ બહારના પદનો મહિમા છે, પણ અંદરના ચૈતન્યપદની ખબર નથી. ચૈતન્યના ભાન વિના, બહારમાં મોટા મોટા પ્રમુખપદ કે રાજ્યપદ મળે તેમાં આત્માને શું ? તે તો બધું અપદ છે,–એ કાંઈ જીવને શરણભૂત નથી. જેને અંતરના પોતાના ચૈતન્યપદનું ભાન નથી, તેનું શરણ લીધું નથી તેને મરણ ટાણે કાંઈ આ બહારનાં પદ શરણભૂત નહીં થાય. બહારમાં મોટું પદ મળ્યું તેમાં આત્માનું શું હિત ?–તે કાંઈ પરભવમાં સાથે નહીં આવે. ચક્રવર્તીપદના સ્વામી પણ આત્માના નિજપદને ભૂલીને સાતમી નરકે સીધાવ્યા છે, ને બહારનું કોઈ પદ ન હોય એવા જીવો પણ નિજપદને સાધીને મોક્ષ પામ્યા છે. બહારનું પદ કાંઈ આત્માનું પદ નથી.

મારો આત્મા જ જ્ઞાનાનંદ પરમાત્મા છે,–હું જ પરમાત્મા છું, પરમાત્મપદની ગાદીએ બેસવા માટે હું લાયક છું. એમ જેણે આત્માના ચૈતન્યપદને ઓળખ્યું તે મોટો બાદશાહ છે; પોતાના શુદ્ધ ચૈતન્યપદના સિંહાસને જે બેઠો તે બાદશાહનો પણ બાદશાહ છે. પોતાના ચૈતન્યપદ પાસે ત્રણેલોકના પદને તે તૃણસમાન જાણે છે. ત્રણકાળ–ત્રણલોકમાં સૌથી શ્રેષ્ઠ–પ્રધાનપદ આ શુદ્ધ ચૈતન્યધાતુ જ છે,–જેના જ્ઞાનની આણ ત્રાસવગર ત્રણકાળ ત્રણલોકમાં વર્તે છે.–આવા ચૈતન્યપદને ઓળખવું,–તે જ સાચું પદ છે. બાકી આ બહારનાં પદ તે તો થોથાં છે, અપદ છે. માટે હે જીવ ! તું સ્વપદને જાણ.

ઉપરોક્ત ચર્ચાના પ્રસંગે ગુરુદેવે ધર્માત્માનું ઉદાહરણ આપીને કહ્યું કે જુઓને, આત્માનું કેવું અલૌકિક કામ કરે છે ! એ તો ભગવાનના દીવાન છે; બાદશાહનાં પણ બાદશાહ છે. ( –નિત્યનોંધમાંથી )

( ગુરુદેવે આ ઉદ્ગારો દ્વારા બતાવેલી વસ્તુસ્થિતિ કેવી સ્પષ્ટ છે–તે શું આજના રાજકીય વાતાવરણમાં બતાવવું પડે તેમ છે ? શ્રી ઢેબરભાઈ ગુરુદેવ પ્રત્યે પ્રેમ ધરાવે છે ને તાજેતરમાં આ માસમાં જ તેઓ સોનગઢ દર્શન કરવા આવ્યા. )

# જ્ઞાનસ્વરૂપને અનુભવનારા જીવો મોક્ષને સાધે છે

❄ णिच्छयणयासिदा मुणिणो पावंति णिव्वाणं ❄

નિશ્ચયનો આશ્રય કરનારા, એટલે કે પરથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ પોતાના આત્માનો અનુભવ કરનારા ધર્માત્મા જીવો જ મોક્ષને પામે છે; અને જેઓ એવા આત્માને નથી અનુભવતા, ને વ્યવહારનો જ આશ્રય કરે છે તેવા કોઈ જીવો કદી મોક્ષને પામતાં નથી.–જૈનશાસનનો આ પરમ સિદ્ધાંત આચાર્ય ભગવાને સમયસારમાં પરિસ્પષ્ટપણે સમજાવ્યો છે; ને એ રીતે મોક્ષને સાધવાનો એક જ અફર માર્ગ જગતના જીવોને સમજાવીને ઉપકાર કર્યો છે. 'णिच्छयणयासिदा मुणिणो पावंति णिव्वाणं' એટલે કે નિશ્ચયનયના આશ્રયે જ જ્ઞાનીઓ નિર્વાણને પામે છે માટે તે આશ્રય કરવા જેવો છે, અને વ્યવહારનય પરાશ્રિત હોવાથી તેના આશ્રયે કોઈ જીવો મુક્તિ પામતા નથી માટે તે છોડવા જેવો જ છે–એવું વસ્તુસ્વરૂપ સમયસાર ગા. ૨૭૨ થી ૨૭૭માં ખુલ્લું કર્યું છે; તેના ઉપરનું પૂ. શ્રી કાનજી સ્વામીનું આ પ્રવચન છે.

### નિશ્ચય એટલે સ્વાશ્રય...તે મોક્ષનું કારણ

આત્માનો સહજ સ્વભાવ એકરૂપ શુદ્ધ છે, તેમાં બંધન કે પરભાવ નથી. આવો સહજ સ્વભાવ તે નિશ્ચય છે, અને તે સ્વભાવનો આશ્રય કરવાથી જ મુક્તિ થાય છે. આવા શુદ્ધસ્વભાવનો આશ્રય કરતાં પરનો આશ્રય છૂટી જાય છે એટલે પરમાં એકતાબુદ્ધિનો અધ્યવસાન છૂટી જાય છે તેમજ પરના આશ્રયરૂપ વ્યવહાર પણ છૂટી જાય છે. આ રીતે નિશ્ચયના આશ્રયે વ્યવહારનો ત્યાગ તે મોક્ષનું કારણ છે. આ નિશ્ચયનો આશ્રય એટલે કે સ્વભાવનો આશ્રય તેમાં શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આવી જાય છે.

### વ્યવહાર એટલે પરાશ્રય...તે બંધનું કારણ

આવા નિશ્ચયસ્વભાવના આશ્રય વગર એકલા પરાશ્રયરૂપ જે વ્યવહાર શ્રદ્ધા–

–જ્ઞાન–ચારિત્ર તે કાંઈ મોક્ષનું કારણ નથી. વ્યવહારનો આશ્રય તો બંધનું કારણ છે. નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કે જે મોક્ષનું કારણ છે તેનો આશ્રય શુદ્ધ આત્મા છે. નિશ્ચયનયથી આત્માનું શુદ્ધસ્વરૂપ જાણીને તેના આશ્રયે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર કરવા તે નિયમથી મોક્ષનું કારણ છે. એમ કરવાથી મોક્ષ થાય છે, ને એના વગર મોક્ષ થતો નથી.

સ્વદ્રવ્યના આશ્રયે મોક્ષ થાય છે ને પરદ્રવ્યના આશ્રયે સંસાર થાય છે,–એ સિદ્ધાંત છે. શુદ્ધઆત્માનો અનુભવ જેઓ કરતા નથી, શુદ્ધઆત્માના અનુભવથી થતું જે નિર્વિકલ્પ સુખ તેની જેને ખબર નથી, જેઓ પરદ્રવ્યના આશ્રયે એકલા શુભાશુભ વિકલ્પોને જ અનુભવે છે, અને એવા પરાશ્રિત વ્યવહારને મોક્ષનું સાધન માને છે, તેઓ મિથ્યાત્વને સેવે છે. ભાઈ, પરાશ્રયમાં તો દુઃખ છે, આકુળતા છે, કષાય છે. ચૈતન્યસ્વરૂપ આત્મા કષાય વગરનો છે, તેને કષાયભાવથી લાભ મનાવે છે તેઓ વીતરાગભાવને પોષનારા નથી પણ કષાયને પોષનારા છે, એટલે વીતરાગશાસનના તે વેરી છે. પરથી ભિન્ન શુદ્ધ જ્ઞાનમય આત્માને જેઓ અનુભવે છે તેઓ જ વીતરાગ શાસનને સમજીને મોક્ષને સાધે છે.

* નિશ્ચયનય કેવો છે?–કે આત્માના શુદ્ધસ્વભાવના આશ્રયરૂપ છે, અને મોક્ષનું કારણ છે.

* વ્યવહારનય કેવો છે? પરના આશ્રયરૂપ છે અને બંધનું કારણ છે.

–માટે મુમુક્ષુ જીવે પરદ્રવ્યો ને પરભાવોથી ભિન્ન એવા પોતાના એક જ્ઞાનભાવને જાણીને તેનો આશ્રય કરવો; અને પરાશ્રયે થતા સમસ્ત પરભાવોને પોતાથી ભિન્ન જાણવા. આ રીતે નિશ્ચયનો આશ્રય કરવો ને વ્યવહારનો આશ્રય છોડવો તે મોક્ષનું કારણ છે.

### શુદ્ધાત્માના શ્રદ્ધા–જ્ઞાન વગર સમ્યક્ચારિત્ર હોતું નથી

નિશ્ચય ચારિત્ર વીતરાગભાવરૂપ છે; તે મોક્ષનું કારણ છે.

શુદ્ધાત્માના આશ્રયે એકાગ્રતા તે નિશ્ચય ચારિત્ર છે. અને આવા નિશ્ચયચારિત્રનું કારણ સમ્યગ્દર્શન–જ્ઞાન છે.

તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પણ શુદ્ધાત્માના જ શ્રદ્ધા–જ્ઞાનરૂપ છે. શુદ્ધઆત્માના શ્રદ્ધા–જ્ઞાન વગર કદી નિશ્ચય ચારિત્ર હોતું નથી. પંચમહાવ્રત–તપ વગેરેનો

શુભરાગ તે કાંઈ નિશ્ચયચારિત્રનું કારણ નથી; કેમકે અજ્ઞાનીને તેવો શુભરાગ હોવા છતાં, શુદ્ધાત્માના શ્રદ્ધા–જ્ઞાન ન હોવાથી, સાચું ચારિત્ર હોતું નથી.

શુદ્ધાત્માના શ્રદ્ધા–જ્ઞાન વગરનો જીવ ભલે પંચમહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર બરાબર પાળતો હોય, સમિતિ–ગુપ્તિમાં સાવધાન હોય, શીલ અને તપથી સહિત હોય, તોપણ તે જીવ ચારિત્ર વગરનો જ છે; મોક્ષના કારણરૂપ સમ્યક્ચારિત્રની તેને ખબર નથી, અને શુભરાગને તે મોક્ષનું કારણ સમજે છે. વ્યવહારચારિત્ર હોવા છતાં તેને મુક્તિ થતી નથી–એ દ્રષ્ટાંત આપીને આચાર્યદેવ એમ સિદ્ધાંત સમજાવે છે કે પરાશ્રિત એવું વ્યવહારચારિત્ર તે મોક્ષનું કારણ નથી; શુદ્ધાત્મામાં એકાગ્રતારૂપ જે નિશ્ચયચારિત્ર છે તે જ મોક્ષનું કારણ છે.–માટે મોક્ષાર્થી જીવે નિશ્ચયનો આશ્રય કરવો ને વ્યવહારનો આશ્રય છોડવો. પરના આશ્રયે થતા રાગનો કોઈ અંશ મોક્ષનું સાધન નથી; સ્વભાવના આશ્રયે થતો વીતરાગભાવ જ મોક્ષનું સાધન છે. માટે મોક્ષાર્થી જીવે સ્વભાવનો આશ્રય કરવો ને પરનો આશ્રય છોડવો.–એ સિદ્ધાંત છે.

## જ્ઞાનસ્વરૂપ આત્માના જ્ઞાન વગરનું બધુંય અજ્ઞાન

જિનદેવે કહેલા શાસ્ત્રોથી વિપરીત જે માને તેને તો મિથ્યાત્વની તીવ્રતા છે. અને જિનદેવે કહેલા સાચા શાસ્ત્રોમાં જેવો શુદ્ધઆત્મા કહ્યો છે તેવા શુદ્ધઆત્માને શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં લીધા વગર જે એકલા શાસ્ત્રોને ભણી જાય છે તો તેનું જ્ઞાન પણ પરાશ્રયમાં અટકેલું છે, તેને શુદ્ધઆત્માનું જ્ઞાન ન હોવાથી સમ્યગ્જ્ઞાન નથી, તેનું બધુંય જાણપણું અજ્ઞાન છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી. ભલે ૧૧ અંગ ભણ્યો પણ જો શુદ્ધઆત્માનો આશ્રય ન કર્યો તો તે જીવ શાસ્ત્ર ભણવાના ગુણને પામ્યો નથી, એટલે કે શાસ્ત્રોએ જેવો જ્ઞાનસ્વરૂપ આત્મા કહ્યો છે તેવો તેણે જાણ્યો નથી. પરભાવોથી ભિન્ન જ્ઞાન–આનંદમય શુદ્ધ આત્મવસ્તુનું જ્ઞાન તે શાસ્ત્રભણતરનો સાર છે, એના વગરનું શાસ્ત્ર ભણતર તે નિઃસાર છે. એવા શાસ્ત્રભણતર વડે કાંઈ સમ્યગ્જ્ઞાન થતું નથી. સમ્યગ્જ્ઞાન શુદ્ધઆત્માના આશ્રયે છે, કાંઈ શાસ્ત્રના આશ્રયે જ્ઞાન નથી. શાસ્ત્રના આશ્રયે તો પરાશ્રયભાવરૂપ વિકલ્પ થાય છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી.

## શુદ્ધ આત્માને ચેતનારી ધર્માત્માની જ્ઞાનચેતના

અહા, 'જ્ઞાનચેતના'–જેને વિકલ્પનું અવલંબન નથી, તે કાંઈ શાસ્ત્રભણતર વડે

નથી થતી. ધર્મીની જ્ઞાનચેતના કોઈ પરના આશ્રયે પરિણમતી નથી, શુદ્ધસ્વદ્રવ્યના આશ્રયે જ્ઞાનચેતના પરિણમી છે. તે ચેતના વિકલ્પરૂપ નથી, રાગરૂપ નથી, શાસ્ત્રનાં અવલંબનરૂપ નથી, તે તો શુદ્ધ-જ્ઞાનરૂપ પરિણમેલી છે. શુદ્ધઆત્માને ચેતનારી આવી ચેતના રાગવડે-વિકલ્પવડે ઓળખાય નહીં, ચૈતન્યસૂર્ય આત્મા, અનંતકિરણોથી ઝગઝગતો જ્ઞાનસૂર્ય, તેમાંથી ધર્મીની જ્ઞાનચેતના પ્રકાશમાન થઈ છે, બીજા કોઈનું અવલંબન તેને નથી.

## જેઓ રાગને મોક્ષનું કારણ માને છે તેઓ મોક્ષને શ્રદ્ધતા નથી

શુદ્ધજ્ઞાનસ્વરૂપ આત્મા જેણે જાણ્યો નથી તે જ પરાશ્રિત શુભરાગને મોક્ષનું કારણ માને છે. અહીં તો કહે છે કે રાગને મોક્ષનું કારણ માનનારા જીવોને ખરેખર મોક્ષની જ શ્રદ્ધા નથી. મોક્ષની ખરી શ્રદ્ધા કયારે થાય ? કે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણે ત્યારે મોક્ષની શ્રદ્ધા થાય. આત્મા સ્વયં જ્ઞાનમય છે, ને તેની મોક્ષદશા પણ શુદ્ધજ્ઞાનમય છે, તે કાંઈ રાગમય નથી. મોક્ષ તે જ્ઞાનસ્વરૂપ આત્માના જ આશ્રયે થયેલી દશા છે, તે કાંઈ પરાશ્રયે થતી નથી. જેઓ પરાશ્રયભાવને જ અનુભવે છે ને તેનાથી ભિન્ન જ્ઞાનમય આત્માને અનુભવતા નથી તેઓ મોક્ષને કે મોક્ષના કારણને જાણતા નથી, એટલે તેને મોક્ષની જ શ્રદ્ધા નથી. તેઓ તો બંધના કારણને જ (વ્યવહારના આશ્રયને જ) મોક્ષનું કારણ માનીને સેવી રહ્યા છે. ભલે તેઓ ઘણાં શાસ્ત્રો ભણે, પણ શાસ્ત્રનો આશ્રય છોડીને જ્ઞાનસ્વભાવનો આશ્રય કરતા નથી તેથી તેઓ અજ્ઞાની જ રહે છે. શાસ્ત્રભણતરનું ફળ તો એ હતું કે ભિન્ન વસ્તુસ્વરૂપ જ્ઞાનમય આત્માને જ્ઞાનથી ચેતવો, અનુભવવો. એવા જ્ઞાન વગરનું ૧૧ અંગનું ભણતર પણ ગુણ વગરનું છે. શાસ્ત્ર ભણવાનો ગુણ તો ત્યારે કહેવાય કે રાગથી પાર અંદરની ચેતના વસ્તુને જ્યારે સંચેતે. કેમકે શાસ્ત્રો એવા શુદ્ધઆત્માને બતાવે છે. એકત્વ-વિભક્ત એવો શુદ્ધઆત્મા દર્શાવવા માટે આચાર્યદેવે આ સમયસાર રચ્યું છે. અહો! સમયસારમાં નિજવૈભવથી આચાર્યદેવે શુદ્ધ આત્મા દેખાડયો છે. આ સમયસાર તો ભરતક્ષેત્રનો ભૂપ છે.

## જ્ઞાનચેતના ક્યારે ઊઘડે ?

અરે, રાગ અને જ્ઞાનની ભિન્નતા જેને ન ભાસી એનાં તે શાસ્ત્રભણતર શા કામનાં ? રાગથી ભિન્નતા વગરનું જ્ઞાન-એને જ્ઞાન કોણ કહે ? એ તો અજ્ઞાન છે. શાસ્ત્રોની વાણી તરફના વલણથી કાંઈ જ્ઞાનચેતના ઊઘડતી નથી, જ્ઞાનભંડારથી ભરેલો

આત્મા તેના જ આશ્રયે જ્ઞાનચેતના ઊઘડે છે. માટે મોક્ષાર્થીએ જ્ઞાનસ્વરૂપ આત્માને જાણીને તેનો જ આશ્રય કરવો, ને પરના આશ્રયની બુદ્ધિ છોડવી. શાસ્ત્રો પણ એમ જ ફરમાવે છે કે અંતર્મુખ થઈને તું તારા જ્ઞાનસ્વરૂપનો આશ્રય કર. એવો આશ્રય જે કરે તેનું જ શાસ્ત્રભણતર સાચું કહેવાય, 'શાસ્ત્ર ભણવાનો ગુણ' તેને થયો કહેવાય.

શાસ્ત્ર ભણી ભણીને શું કરવું ?–

કે પરભાવોથી ભિન્ન શુદ્ધ જ્ઞાનમય આત્મવસ્તુ છે,–તેને જાણીને તેનો અનુભવ કરવો. શ્રીમદ્ રાજચંદ્રજી પણ કહે છે કે–

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.

જિનપદ કહો કે આત્માનું નિજપદ કહો, તેમાં પરમાર્થે કાંઈ જ ફેર નથી; આવા શુદ્ધ નિજપદનું લક્ષ કરાવવા માટે જ શાસ્ત્રો કહ્યાં છે ને તે જ સુખદાતાર છે. ભલે ઝાઝા શાસ્ત્રો ન પઢયો હોય. લખતાં–વાંચતા ભલે ન આવડતું હોય, છતાં દેડકું ને સિંહ વગેરેના જીવો પણ અંતરના વેદનમાં જ્ઞાન અને રાગને જુદા પાડીને, પોતાને શુદ્ધજ્ઞાનમય અનુભવે છે, તો તે જીવોએ બધા શાસ્ત્રનું ફળ મેળવી લીધું છે, શાસ્ત્રભણતરનો ગુણ તેમને પ્રગટયો છે. કેમકે જ્ઞાન તો શુદ્ધઆત્માના આશ્રયે તન્મય છે, તે કાંઈ શાસ્ત્રભણતરના વિકલ્પના આશ્રયે નથી. અહો, નિરાલંબી જ્ઞાનમાર્ગ ! તેમાં પરનો આશ્રય કેવો ?

### નિત્ય જ્ઞાનચેતનામાત્ર આત્મવસ્તુ, તેને અનુભવે તે જ્ઞાની

આત્માની જ્ઞાનચેતના અંદરમાં સમાય છે, એનું કાર્ય બહારમાં નથી આવતું. આનંદમય આત્માનો સ્વાનુભવ તે જ્ઞાનચેતનાનું ફળ છે. પણ જ્ઞાનચેતના ઊઘડે એટલે બહારનું જાણપણું કે શાસ્ત્રનું ભણતર પણ ઊઘડી જાય–એવું કાંઈ તેનું માપ નથી; બહારના જાણપણા ઉપરથી જ્ઞાનચેતનાનું માપ થતું નથી.

જ્ઞાનચેતનાના ગંભીર મહિમાપૂર્વક ગુરુદેવ કહે છે કે જ્ઞાનચેતના તો અંતરમાં પોતાના આત્માને ચેતનારી છે. જ્ઞાનચેતનાના ફળમાં શાસ્ત્રના શબ્દોના અર્થ ઊકેલતા આવડે એવું કાંઈ જ્ઞાનચેતનાનું ફળ નથી, પણ આત્માના અનુભવનો ઉકેલ પામી જાય–એવી જ્ઞાનચેતના છે. અજ્ઞાની રાગના અનુભવથી ૧૧ અંગ ૯ પૂર્વ જેટલું શાસ્ત્રભણતર ભણવા છતાં જ્ઞાનના અનુભવરૂપ જ્ઞાનચેતના

તેને ઉઘડી નથી. આ રીતે શાસ્ત્રના ભણતર ઉપરથી જ્ઞાનચેતનાનું માપ નથી. જ્ઞાનચેતના તો અંતરમાં આત્માને ચેતે છે, જ્ઞાનસ્વરૂપ આત્માને જે ચેતે–અનુભવે તે જ્ઞાનચેતના છે. જ્ઞાનચેતનાનું કાર્ય અંતરમાં આવે છે, બહારમાં નહીં.

કોઈ જીવ શાસ્ત્રના અર્થની ઝપટ બોલાવે માટે તેને જ્ઞાનચેતના ઉઘડી ગઈ એમ તેનું માપ નથી; કેમકે કોઈક જ્ઞાનીને તે પ્રકારનો ભાષાનો યોગ ન પણ હોય, અથવા કદાચ બહારનો વિશેષ ઉઘાડ પણ ન હોય. અને કોઈને જ્ઞાનચેતના સાથે તેવો વિશેષ ઉઘાડ હોય તોપણ કાંઈ જ્ઞાનચેતનાની નિશાની તે નથી. જ્ઞાનચેતનાનું કાર્ય તો વિકલ્પ અને પરાશ્રયથી પાર એવી અંતરની અનુભૂતિમાં છે. જ્ઞાનને અંતરમાં વાળીને જેણે રાગથી ભિન્ન સ્વરૂપને અનુભવમાં લઈ લીધું છે તે જીવને અપૂર્વ આનંદમય જ્ઞાનચેતના અંતરમાં પ્રગટી છે. એની ઓળખાણ અપૂર્વ છે, સાધારણ જીવોને તેની ઓળખાણ થવી કઠણ છે.

### જ્ઞાનચેતના તે સત્ય ધર્મ છે; શુભરાગ સત્યધર્મ નથી

જ્ઞાનચેતના એટલે શુદ્ધાત્માને અનુભવનારી ચેતના તે મોક્ષનું સાધન છે. પણ શુભરાગનો અનુભવ તે કાંઈ મોક્ષનું સાધન નથી; અજ્ઞાની જ્ઞાનચેતનાને તો અનુભવતો નથી ને રાગના ફળરૂપી કર્મફળચેતનાને જ અનુભવે છે; જ્ઞાનચેતનાનો અનુભવ તે ભૂતાર્થ ધર્મ છે એટલે કે તે જ સાચો ધર્મ છે ને તે જ મોક્ષનું કારણ છે. પણ એવા ભૂતાર્થ ધર્મને તો અજ્ઞાની જીવો શ્રદ્ધતા નથી, ને રાગમય શુભકર્મરૂપ અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે, તેને જ મોક્ષનું સાધન માને છે; પણ તે શુભકર્મ તો ભોગનો હેતુ છે, સંસારનો હેતુ છે, તેના ફળમાં કાંઈ આત્માનો અનુભવ નથી થતો. આ રીતે નિશ્ચય ધર્મની શ્રદ્ધા વગરનો તે જીવ, વ્યવહારધર્મની શ્રદ્ધા કરવા છતાં મોક્ષને પામતો નથી. માટે, આચાર્યદેવ કહે છે કે ભૂતાર્થ સ્વભાવનો આશ્રય કરવા જેવો છે ને વ્યવહારનો આશ્રય છોડવા જેવો છે–એ રીતે જ મોક્ષ સધાય છે.

નિત્ય જ્ઞાન–ચેતનારૂપ વસ્તુ તે ભૂતાર્થ છે. તેની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

પ્ર.:– આત્મવસ્તુને 'જ્ઞાનચેતનામાત્ર' કહી, તો આનંદ–શ્રદ્ધા વગેરે ક્યાં ગયા ?

ઉ.:–'જ્ઞાનચેતનામાત્ર' કહેતાં રાગાદિ વિરુદ્ધ ભાવોને અભાવ કહ્યો છે, પણ જ્ઞાન સાથેના આનંદ–શ્રદ્ધા વગેરે સર્વે ગુણો જ્ઞાનચેતનામાં સમાય છે. આવી જ્ઞાનચેતનારૂપ આત્મવસ્તુની જેને શ્રદ્ધા નથી તે જીવ રાગના અનુભવમાં અટકેલો છે, એટલે

ભોગના કારણરૂપ શુભ કર્મોની શ્રદ્ધા કરે છે, તે વ્યવહારધર્મના સેવન વડે સંસારમાં નવમી ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને ભલે પામે પણ આત્માના સાચા સુખને તે પામતો નથી, કર્મબંધનથી રહિત એવા મોક્ષને તે કદી પામતો નથી; આ રીતે વ્યવહારના આશ્રયે મુક્તિ થતી ન હોવાથી તેનો નિષેધ છે; શુદ્ધઆત્માના આશ્રયે જ મુક્તિ થાય છે માટે નિશ્ચયનો આશ્રય કરવા જેવો છે.

ભાઈ ! રાગના અનુભવથી ચાર ગતિનાં દુઃખ મળશે; મોક્ષસુખ તો રાગ વગરની જ્ઞાનચેતનાના અનુભવથી જ થશે. અજ્ઞાની કહે છે કે પુણ્ય તે મોક્ષનું કારણ થશે ! જ્ઞાની કહે છે કે પુણ્ય તો સંસારના ભોગનું કારણ છે, તેના ફળમાં ભોગની સામગ્રીનો સંયોગ મળશે, પણ તેના ફળમાં ચૈતન્યના આનંદનો અનુભવ નહીં મળે. માટે હે ભાઈ ! સમસ્ત રાગના આશ્રયની બુદ્ધિ છોડીને જ્ઞાનમાત્ર આત્મવસ્તુને અનુભવમાં લે.

ચારગતિના દુઃખથી ડરે તો તજ સૌ પરભાવ;
શુદ્ધાતમ ચિંતન કરી શિવસુખનો લે લ્હાવ.

## સુખ માટે શરણ

અહો, અનાદિથી જેનું શરણ લીધા વગર જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે એવો શરણભૂત જ્ઞાનાનંદમય આત્મા તેનું જેણે શરણ લીધું તે જીવ સ્વયમેવ સુખી છે, સુખ માટે જગતના કોઈ પદાર્થની વાંછા તેને નથી. સુખથી ભરેલો પોતાનો આત્મા તેના અનુભવથી જ જીવ સુખી છે. એ સુખનો ભંડાર જીવ પોતે જ છે; એવા નિજનિધાનને હે જીવો ! તમે ઓળખો.

## ભગવાનનો વારસો

ભગવાન કહે છે કે હે જીવ ! આનંદનો ખજાનો અમે ખોલ્યો છે; અમારા આ આનંદના ખજાનાનો વારસો અમે તને આપીએ છીએ. તારે આ આનંદનો વારસો લેવો હોય તો તું અંતરમાં ચિદાનંદસ્વભાવની સન્મુખ થા; દેહથી ને રાગથી ભિન્નતા જાણીને જ્ઞાનમય આત્માને અનુભવમાં લે; એટલે તને પણ અમારા જેવો જ આનંદનો ખજાનો મળશે.–આ છે ભગવાનનો વારસો.

# જીવને ધર્મમાં મદદ કરે તે સાચો મિત્ર

ભગવાન ઋષભદેવ પહેલા તીર્થંકર થયા, ભરતજી પહેલા ચક્રવર્તી થયા; અજિતનાથ બીજા તીર્થંકર થયા, અને ત્યારપછી સગર નામના બીજા ચક્રવર્તી થયા; તે સગર ચક્રવર્તીની આ વાત છે.

તે સગર ચક્રવર્તી પૂર્વભવે વિદેહક્ષેત્રમાં જયસેન નામના રાજા હતા; તેને પોતાના બે પુત્રો ઉપર ઘણો જ સ્નેહ હતો; તેમાંથી એક પુત્રનું મરણ થતાં તે રાજા શોકથી મુર્છિત થઈ ગયા; ને પછી શરીરને દુઃખનું જ ઘર સમજીને જન્મ–મરણથી છૂટવા માટે દીક્ષા લઈને મુનિ થયા; તેમના સાળા મહારૂતે પણ તેમની સાથે દીક્ષા લીધી; બીજા હજારો રાજા દીક્ષા લઈને મુનિ થયા. અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ શુદ્ધ મોક્ષમાર્ગને સાધવા લાગ્યા.

જયસેન અને તેમના સાળા મહારૂત એ બંને મુનિઓ સમાધિમરણપૂર્વક દેહ છોડીને ૧૬ મા અચ્યુતસ્વર્ગમાં દેવ થયા. તેઓ એકબીજાના મિત્ર હતા, તેથી તેમણે એકબીજા સાથે એવી પ્રતિજ્ઞા કરી કે–આપણા બેમાંથી જે પહેલા પૃથ્વી પર અવતરીને મનુષ્ય થાય, તેને બીજો દેવ પ્રતિબોધ પમાડે, એટલે કે તેને સંસારનું સ્વરૂપ સમજાવીને દીક્ષા લેવાની પ્રેરણા કરે. આ રીતે ધર્મમાં મદદ કરવા માટે બંને મિત્રોએ એકબીજા સાથે પ્રતિજ્ઞા કરી. ખરૂં જ છે–જીવને સંસારમાં સાચો મિત્ર તે જ છે કે ધર્મમાં જે મદદ કરે.

હવે તેમાંથી જયસેન રાજાનો જીવ બાવીસ સાગરોપમ સુધી દેવલોકના સુખો ભોગવીને, આયુષ્ય પૂર્ણ થતાં મનુષ્યલોકમાં અવતર્યો. અયોધ્યાનગરી–કે જ્યાં અગાઉના બે તીર્થંકરો તેમજ પ્રથમ ચક્રવર્તી અવતરી ચુકયા હતા, તે નગરીમાં ઈક્ષ્વાકુવંશી રાજા સમુદ્રવિજયના પુત્ર તરીકે તે અવતર્યો; તેનું નામ સગરકુમાર. તે સગરકુમાર બીજા ચક્રવર્તી થયા, અને છ ખંડ ઉપર રાજ કરવા લાગ્યા, અત્યંત પુણ્યવાન સાઈઠ હજાર પુત્રોથી તે શોભતા હતા; તે પુત્રો ઉપર તેને ઘણો સ્નેહ હતો. તેનો મિત્ર મણિકેતુ હજી સ્વર્ગમાં જ હતો.

એકવાર કોઈ મુનિરાજને કેવળજ્ઞાન થયું; ને કેવળજ્ઞાનનો મોટો ઉત્સવ થયો; કેટલાય દેવો તે ઉત્સવમાં આવ્યા; તેમાં મણિકેતુ નામનો દેવ–કે જે સગર ચક્રવર્તીનો પૂર્વભવનો મિત્ર હતો–તે પણ આવ્યો. કેવળી ભગવાનની વાણી સાંભળ્યા પછી તેને એ જાણવાની ઈચ્છા થઈ કે મારો મિત્ર કયાં ઉપજ્યો હશે? ઈચ્છા થતાં જ પોતાના અવધિજ્ઞાનના બળથી તેણે જાણી લીધું કે તે જીવ બાકી બચેલા પુણ્યને લીધે સગર ચક્રવર્તી થયો છે. તેની સાથે કરેલી પ્રતિજ્ઞા તેને યાદ આવી અને પ્રતિબોધ પમાડવા માટે તે સગર ચક્રવર્તી પાસે આવ્યો. ત્યાં આવીને કહ્યું–કેમ મિત્ર! તમને યાદ છે?–આપણે બંને અચ્યુતસ્વર્ગમાં સાથે હતા, અને એકબીજા સાથે નક્કી કરેલું કે આપણામાંથી જે પૃથ્વી પર પહેલો અવતરે તેને અહીં સ્વર્ગમાં રહેલો બીજો સાથી પ્રતિબોધ પમાડે. હે ભવ્ય તમે આ પૃથ્વી પર પહેલાં અવતર્યા છો, અને મનુષ્યમાં ઉત્તમ એવા ચક્રવર્તીપદના સામ્રાજ્ય ચિરકાળ સુધી ભોગવી ચુકયા છો. અરે, સર્પની ફેણ જેવા દુઃખકર આ ભોગોથી આત્માને શો લાભ? તેમાં કિંચિત્ સુખ નથી, માટે હે રાજન્! હવે તેને છોડીને મોક્ષસુખને માટે ઉદ્યમ કરો. અરે, અચ્યુતસ્વર્ગનો દૈવીવૈભવ પણ અસંખ્યવર્ષો સુધી ભોગવી ચુકયા છતાં જીવને તૃપ્તિ ન થઈ, આ રાજવૈભવ તો એની પાસે સાવ તૂચ્છ છે. માટે એનો મોહ છોડીને મોક્ષમાર્ગમાં લાગો.

પોતાનાં મિત્ર મણિકેતુદેવનાં આવા હિતવચનો પણ તે સગર ચક્રવર્તીએ લક્ષમાં ન લીધા. તે વૈરાગ્યથી વિમુખ રહ્યો, તેની વિમુખતા જોઈને, ‘આને હજી મુક્તિનો માર્ગ દૂર છે,–એમ વિચારી તે દેવ પોતાના સ્થાને ચાલ્યો ગયો. ખરૂં જ છે કે ડાહ્યા પુરુષો અહિતની તો વાત જ નથી કરતા, ને હિતની વાત પણ યોગ્ય સમય વિચારીને જ કરે છે. અરે, ધિક્કાર છે આ સંસારભોગોને–કે જેની લાલસા મનુષ્યને પોતાના વચનથી ચ્યૂત કરાવી દે છે.

કેટલાક વખત પછી, તે મણિકેતુદેવ ફરીને આ પૃથ્વી પર આવ્યો; પોતાના મિત્રને સંસારથી વૈરાગ્ય કરાવીને મુનિદશા અંગીકાર કરાવવા માટે આ વખતે તેણે બીજો ઉપાય વિચાર્યો. આ વખતે તેણે ચારણઋદ્ધિધારી ઉત્તમ મુનિનું રૂપ ધારણ કર્યું એ તેજસ્વી મુનિરાજ અયોધ્યાનગરીમાં આવ્યા અને જિનેન્દ્રભગવાનને વંદન કરીને સગર ચક્રવર્તીના ચૈત્યાલયમાં જ રહ્યા. જ્યારે ચક્રવર્તી તે ચૈત્યાલયમાં આવ્યા અને આ મુનિરાજને દેખ્યા ત્યારે તેને ખૂબ આશ્ચર્ય થયું, અને ભક્તિથી નમસ્કાર કરીને પૂછયું–પ્રભો! આવી નાની અવસ્થામાં આપે મુનિપદ કેમ લીધું?

ત્યારે અત્યંત વૈરાગ્યથી તે ચારણમુનિરાજે કહ્યું–હે રાજા! આ યુવાનીનો

કંઈ ભરોસો નથી, યુવાની મટીને બુઢાપો આવી જાય છે; આયુષ્ય તો દરરોજ ઘટતું જાય છે, શરીર તો મેલનું ઘર છે. વિષયો તો પાપથી ભરેલા છે, તેમાં દુઃખ જ છે, આવા અપવિત્ર, અનિત્ય અને પાપમય સંસારનો મોહ શો? એ તો છોડવા યોગ્ય જ છે. વહાલી વસ્તુનો વિયોગ ને અણગમતી વસ્તુનો સંયોગ સંસારમાં થયા જ કરે છે. સંસારમાં કર્મરૂપી શત્રુ દ્વારા જીવની આવી દશા થાય છે, માટે આત્મધ્યાનરૂપી અગ્નિવડે તે કર્મને ભસ્મ કરીને હું અવિનાશી મોક્ષપદ પ્રગટ કરીશ. હે રાજા! તું પણ આ સંસારનો મોહ છોડીને મોક્ષ માટે ઉદ્યમ કર.

મુનિવેશમાં રહેલા મણિકેતુદેવની આ વૈરાગ્ય ભરી વાત સાંભળીને રાજા સગર ચક્રવર્તી સંસારથી ભયભીત તો થયો, પરંતુ પુત્રોના તીવ્ર સ્નેહને લીધે તે મુનિદશા લઈ ન શકયો. અરે, સ્નેહનું બંધન કેવું મજબુત છે! રાજાનો આવો મોહ દેખીને મણિકેતુદેવને વિષાદ થયો; અને, હજી પણ આનો સંસાર બાકી છે–એમ વિચારીને તે ચાલ્યો ગયો. અરે, જુઓ તો ખરા! આ સામ્રાજ્યની તુચ્છ લક્ષ્મીને વશ ચક્રવર્તી પૂર્વ ભવની અચ્યુતસ્વર્ગની લક્ષ્મીને પણ ભૂલી ગયો છે! તે સ્વર્ગની વિભૂતિ પાસે આ રાજસંપદા શું હિસાબમાં છે!–કે તેના મોહમાં જીવ ફસાયો છે! પણ મોહી જીવને સારા–નરસાનો વિવેક રહેતો નથી. ખરેખર તો આ ચક્રવર્તી પુત્રોમાં જ સર્વસ્વ માનીને તેમાં મોહિત થયો છે, પુત્ર પ્રેમમાં તે એવો મશગુલ થઈ ગયો છે કે સ્વર્ગ–મોક્ષના ઉદ્યમને પણ ભૂલી ગયો છે!

તે ચક્રવર્તીને ૬૦ હજાર સુંદર પુત્રો હતા. સિંહના બચ્ચા જેવા શૂરવીર અને પ્રતાપવંત રાજપુત્રો એકવાર રાજસભામાં આવ્યા અને વિનયપૂર્વક કહેવા લાગ્યા કે હે પિતાજી! યુવાનીમાં શોભે એવું કોઈ સાહસનું કામ અમને બતાવો.

ત્યારે ચક્રવર્તીએ હર્ષિત થઈને કહ્યું: હે પુત્રો! ચક્ર વડે આપણા બધા કાર્યો સિદ્ધ થઈ ચુકયા છે; હિમવન પર્વત અને લવણસમુદ્ર વચ્ચે (છ ખંડમાં) એવી કોઈ વસ્તુ નથી–જે આપણને પ્રાપ્ત થઈ ન હોય! તેથી તમારા માટે તો હવે એક જ કામ બાકી છે કે આ રાજલક્ષ્મીનો યથાયોગ્ય ભોગવટો કરો.

શુદ્ધ ભાવનાવાળા તે રાજપુત્રોએ ફરીને પણ આગ્રહ કર્યો કે હે પિતાજી! અમને ધર્મની સેવાનું કોઈ કાર્ય સોપોં; જો તમે અમને કાંઈ કાર્ય નહી સોંપો તો અમે ભોજન નહીં કરીએ; (બધા રાજપુત્રો ચરમશરીરી ધર્માત્મા હતા; તેમની આ માંગણી એવો આદર્શ રજુ કરે છે કે યુવાનોએ ધર્મકાર્યોમાં ઉત્સાહથી ભાગ લેવો જોઈએ.) ઉત્સાહી પુત્રોનો આગ્રહ દેખીને રાજાને ચિંતા થઈ કે આને કયું કામ

સોંપવું? વિચારતાં તેને યાદ આવ્યું કે–હા, મારા પહેલા થયેલા ભરત ચક્રવર્તીએ કૈલાસપર્વત ઉપર મહારત્નોથી ૨૪ અરિહંતોના મંદિર અને જિનબિંબો બનાવ્યા છે; તેની રક્ષા માટે ચારે બાજુ ખાઈ ખોદીને તેને ગંગાનદીના પાણીથી ભરી દીધી હોય તો તે મંદિરોની રક્ષા થાય.–આમ વિચારીને રાજાએ પુત્રોને તે કામ કરવાનું સોંપ્યું

પિતાની આજ્ઞા માથે ચડાવીને તે રાજપુત્રો દંડરત્ન લઈને તે કામ કરવા કૈલાસપર્વત પર ગયા; અને અત્યંત ભક્તિપૂર્વક ભરતે કરાવેલા તે જિનબિંબોનાં દર્શન કર્યાં. અહા! આવા અદ્ભુત રત્નમય જિનબિંબ અમે કદી જોયા ન હતા, અમને આવા ભગવાનની સેવા કરવાનું ભાગ્ય મળ્યું. એમ પરમ આનંદિત થઈને તેમણે ત્રણ ચોવીસી ભગવંતોના દર્શન કર્યા; અને ભક્તિપૂર્વક પોતાને સોંપેલું કાર્ય કરવા લાગ્યા.

આ તરફ ચક્રવર્તીના મિત્ર મણિકેતુદેવ ફરીને રાજાને સમજાવવા માટે આવ્યા. આ વખતે તેણે નવો જ ઉપાય વિચાર્યો. કેટલાક વચનો હિતરૂપ તેમજ મીઠાં હોય છે, કેટલાક વચનો હિતરૂપ પણ કડવા હોય છે. તેમજ અહિત વચનોમાં પણ કેટલાક મીઠાં ને કેટલાક કડવા હોય છે. તે બંને પ્રકારનાં અહિતવચન તો છોડવા જેવા છે. રાજાને અત્યારે હિતરૂપ પણ કડવા વચનોથી સમજાવી શકાશે–એમ વિચારીને મણિકેતુદેવે રાજાના હિત માટે એક યુક્તિ કરી.

તેણે એક મોટા ઝેરી નાગનું રૂપ લીધું, અને કૈલાસપર્વત પર જઈને તે બધા રાજકુમારોને કરડીને તેમને બેભાન કરી દીધા, અને જાણે કે તે મરી ગયા હોય એવો દેખાવ કર્યો. રાજાના મંત્રીઓ જાણતા હતા કે પુત્ર ઉપર તેને ઘણો સ્નેહ છે, તેથી તેના મરણના સમાચાર તે સાંભળી નહીં શકે. એટલે પુત્રોના મરણના સમાચાર રાજાને કહેવાની કોઈની હિંમત ચાલી નહીં.

આ તરફ મણિકેતુદેવ એક વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને સગર ચક્રવર્તી પાસે આવ્યો, અને અત્યંત શોકપૂર્વક કહ્યું કે હે મહારાજ! મારો એકનો એક યુવાન પુત્ર મરી ગયો છે, યમરાજ તેને હરી ગયો છે; આપ તો સમસ્ત લોકના પાલક છો, માટે મારા પુત્રને પાછો લાવી આપો, તેને જીવતો કરી દો, જો મારા એકના એક પુત્રને તમે જીવતો નહીં કરી દ્યો તો મારું પણ મૃત્યુ જ થશે.

બ્રાહ્મણની વાત સાંભળીને રાજાએ કહ્યું–અરે બ્રાહ્મણ! શું તું એ નથી જાણતો કે યમરાજ તો એકમાત્ર સિદ્ધભગવાન વડે જ જીતી શકાય છે, સંસારમાં બીજું કોઈ તેને જીતી શકતું નથી. એક સિદ્ધ ભગવાન જ મરણરહિત છે, બીજા તો બધા જીવો મરણસહિત છે–એ વાત સૌ કોઈ જાણે છે. જેનું આયુષ્ય ખલાસ થઈ

ગયું. તેને કોઈ પણ રીતે જીવાડી શકાતા નથી. બધા જીવો પોતપોતાના આયુષ્ય પ્રમાણે જ જીવે છે. આયુષ્ય પૂરું થતાં યમરાજ તેનો નાશ કરે છે અર્થાત્ તેનું મરણ થાય છે. માટે મરણરૂપ યમરાજને જો તમે જીતવા ચાહતા હો તો શીઘ્ર સિદ્ધપદને સાધો. આ જીર્ણશીર્ણ શરીરનો મોહ કે પુત્રનો શોક છોડીને મોક્ષની પ્રાપ્તિ માટે તત્પર થાઓ ને જિનદીક્ષા ધારણ કરો. ઘરમાં પડયા રહીને બુઢા થવા કરતાં દીક્ષા લઈને મોક્ષનું સાધન કરો.

એ પ્રમાણે રાજાએ વૈરાગ્યનો ઘણો ઉપદેશ આપ્યો, ત્યારે બ્રાહ્મણે (એટલે કે પૂર્વભવના ભાઈબંધ એવા મણિકેતુદેવે) કહ્યુંઃ હે મહારાજ! તમે કહો છો તે વાત જો ખરેખર સાચી હોય તો મારી વાત આપ સાંભળો. જો યમરાજથી બળવાન કોઈ નથી એટલે કે મૃત્યુથી કોઈ બચી શકતું નથી–એમ તમે કહો છો, તો હું તમને જે સમાચાર કહું તે સાંભળીને તમે પણ ભયભીત ન થશો; તમે પણ સંસારથી વૈરાગ્ય લાવી મોક્ષને સાધવા તત્પર થજો.–એમ કહીને તેણે કહ્યુંઃ હે રાજન્! સાંભળો! કૈલાસ ગયેલા તમારા ૬૦ હજાર પુત્રો બધાય મૃત્યુ પામ્યા છે. એક સાથે ૬૦ હજાર પુત્રોનો કોળિયો કરી જનાર આવા દુષ્ટ યમરાજને જીતવા માટે મારી જેમ તમારે પણ મોહ છોડીને શીઘ્ર દીક્ષા લેવી જોઈએ ને મોક્ષનું સાધન કરવું જોઈએ.

બ્રાહ્મણના વજ્રપાત જેવા વચનો સાંભળતાં જ રાજાનું હૃદય છિન્નભિન્ન થઈ ગયું ને પુત્ર મરણના આઘાતથી તે બેભાન થઈ ગયો. જેના પર અત્યંત સ્નેહ હતો એવા ૬૦ હજાર રાજકુમારોનું એક સાથે મરણ થવાની વાત તેનાથી સાંભળી શકાય નહિ, તે સાંભળતાં જ તેને મુર્છા આવી ગઈ. પણ–તે રાજા આત્મજ્ઞાની હતો. થોડીવારે મુર્છામાંથી ભાનમાં આવતાં જ તેણે વિચાર્યું કે અરે! નકામો ખેદ શા માટે? ખેદ કરનારી એવી આ રાજલક્ષ્મી કે કુટુંબ–પરિવાર કંઈ પણ મારું નથી, હવે મને તેનો કોઈનો મોહ નથી. હું તો જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ તત્ત્વ છું, બીજું કાંઈ આ જગતમાં મારું નથી. હું વ્યર્થ મોહમાં ફસાયો...હવે તેનો મોહ છોડીને હું જિનદીક્ષા લઇશ ને અશરીરી મોક્ષપદને સાધીશ. શરીર અપવિત્ર છે ને વિષયભોગો ક્ષણભંગુર છે–એમ જાણીને, ઋષભાદિ તીર્થંકરો તેને છોડીને વનમાં ચાલ્યા ગયા ને ચૈતન્યમાં લીન થઈને કેવળજ્ઞાન પામ્યા. હું પણ હવે તેમના જ માર્ગે જઇશ. હું મૂર્ખ અત્યાર સુધી વિષયોમાં ડુબી રહ્યો, હવે એક ક્ષણ પણ આ સંસારમાં રહેવું નથી.

એ પ્રમાણે વિચાર કરીને તે સગર ચક્રવર્તીએ દૃઢવર્મા કેવળી પાસે દીક્ષા ધારણ કરી અને ચૈતન્યના ધ્યાનરૂપ તપ વડે તે શોભવા લાગ્યા

પોતાનું કાર્ય પૂરું થયું એમ જાણી, મનોમન તે મુનિરાજને નમસ્કાર કરીને મણિકેતુદેવ કૈલાસપર્વત પર ગયો; ત્યાં જઇને રાજપુત્રોને સચેત કર્યા અને કહેવા લાગ્યો કે હે રાજકુમારો! તમારા મૃત્યુના ખબર સાંભળીને સગર મહારાજ સંસારથી વૈરાગ્ય પામ્યા છે અને દીક્ષા લઇને મુનિ થયા છે; તેથી હું તમને તેડવા માટે આવ્યો છું.



અહા, એ ચરમશરીરી ૬૦ હજાર રાજકુમારો પિતાજીના વૈરાગ્યની વાત સાંભળતાં જ એકદમ ઉદાસીન થયા, ને સંસારથી વિરક્ત થઈને બધા રાજકુમારોએ શ્રી જિનેન્દ્ર ભગવાનના શરણે દિગમ્બર મુનિદશા ધારણ કરી લીધી.–વાહ ધન્ય છે તે મુનિવરોને! ધન્ય છે તે વૈરાગી રાજપુત્રોને!

મણિકેતુદેવે પોતાનું સાચું રૂપ પ્રગટ કરીને તે સર્વે મુનિરાજને નમસ્કાર કર્યા; તથા પોતાના મિત્રના હિત માટે આવી માયા કરવી પડી, તે બદલ ક્ષમા માંગી. મુનિઓએ સાંત્વન આપીને કહ્યું કે તેમાં તમારો શો અપરાધ છે? તમે તો અમારા મહાન હિતનું કામ કર્યું છે.

મિત્રને મોક્ષમાર્ગની પ્રેરણા આપવાનું પોતાનું કાર્ય સિદ્ધ થયું તેથી પ્રસન્ન થઈને તે દેવ પોતાના સ્વર્ગમાં ગયો. સગર ચક્રવર્તી તથા ૬૦ હજાર રાજપુત્રો, એ બધાય મુનિવરો આત્માના જ્ઞાન–ધ્યાનપૂર્વક વિહાર કરતા કરતા અંતે સમ્મેદશિખર પર આવ્યા અને શુક્લધ્યાન વડે કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષપદને પામ્યા. તેમને નમસ્કાર હો.

શાસ્ત્રકાર કહે છે કે આ જગતમાં જીવને ધર્મની પ્રેરણા આપનારા મિત્ર સમાન હિતકર બીજું કોઈ નથી.

મિત્ર હો તો આવા હો કે જે ધર્મની પ્રેરણા આપે.

( મહાપુરાણ: સર્ગ ૪૮ ઉપરથી )

# * ઉપયોગસ્વરૂપ જીવ નિજભાવનો કર્તા છે *

ચેતનાગુણથી સદા જીવનારો જીવ છે, તે ઉપયોગસ્વરૂપ જીવ છે. પર્યાયમાં ઉપયોગના વિશેષ મતિજ્ઞાન વગેરે રૂપ છે, પણ સ્વભાવશક્તિથી દરેક આત્મા સર્વજ્ઞસ્વભાવથી પરિપૂર્ણ છે. આવો ઉપયોગસ્વરૂપ આત્મા, તેને કર્તાપણું કયા પ્રકારે છે? તે સમજાવે છે.

ઉપયોગસ્વરૂપ આત્માને ખરેખર પરભાવોનું કર્તૃત્વ નથી, પણ પોતાના નિજભાવોનો તે કર્તા છે. આત્માના નિજભાવ એટલે ઔપશમિકાદિ ભાવ, તેનો તે કર્તા છે. પણ પોતાના અસ્તિત્વથી ભિન્ન એવા શરીરાદિને તે કરતો નથી. જીવે અજ્ઞાનથી શું કર્યું? કે અજ્ઞાન અને શુભ-અશુભ ઉદયભાવો કર્યા; દેહને પોતાનો માનીને મિથ્યાત્વભાવનો કર્તા થયો પણ દેહનો કર્તા ન થયો. પોતાના અસ્તિત્વમાં જે ન હોય તેને આત્મા કરી શકે નહીં. પરના અસ્તિત્વમાં આ આત્મા નથી, તો આ આત્મા તેને શું કરે? જ્ઞાનભાવે પોતાના નિર્મળ ઔપશમિક-ક્ષાયિકાદિ ભાવને જીવ કરે છે.

જીવનો પારિણામિકભાવ અનાદિઅનંત છે.

જીવનો ક્ષાયિકભાવ સાદિ-અનંત છે.

જીવના ઔપશમિકાદિ ભાવો સાદિ-સાંત છે.

સર્વજ્ઞદેવે જોયેલાં જે પાંચ અસ્તિકાય, તેમનું અસ્તિત્વ ભિન્નભિન્ન છે. આત્મા પોતાના અસ્તિત્વમાં પોતાની પર્યાયને કરે છે, પોતાની પર્યાય તે પોતાનો ભાવ છે, તેનો આત્મા કર્તા છે, પણ અન્ય પદાર્થના ભાવનો કર્તા આત્મા નથી. શરીરની કોઈ ક્રિયા આત્માની નથી, કેમકે તે શરીરની ક્રિયાનું અસ્તિત્વ જીવમાં નથી પણ પુદ્‌ગલાસ્તિકાયમાં તેનું અસ્તિત્વ છે.

આત્માની સત્તા પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં સમાપ્ત થાય છે; એટલે તેનું કર્તાપણું પણ પોતાના જ અસ્તિત્વમાં છે, પરભાવમાં તેનું કર્તૃત્વ નથી. અને પોતાના ભાવમાં પોતે તદાકારરૂપે પરિણમે છે, અહીં રાગાદિક પરિણામ તે પણ આત્માના ભાવ છે કેમકે તે આત્માના અસ્તિત્વમાં છે; જોકે શુદ્ધ નિશ્ચયથી આત્માને રાગાદિભાવનું કર્તૃત્વ નથી, પણ તેની પર્યાયમાં તે થાય છે તેથી તેનો કર્તા વ્યવહારે છે.

આત્મા સહજ ચૈતન્યસ્વભાવી પારિણામિકસ્વભાવરૂપ છે. તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે; તે અનાદિ–અનંત એકરૂપ સહજ ચૈતન્યભાવ છે. આવા ભૂતાર્થસ્વભાવના લક્ષે સમ્યગ્દર્શન થાય છે. વ્યવહાર અભૂતાર્થ છે તેના લક્ષે સમ્યગ્દર્શન થતું નથી, માટે પર્યાયને અભૂતાર્થ કહી છે. આત્મવસ્તુ સહજસ્વભાવથી અનાદિઅનંત આનંદથી ભરપૂર છે, પર્યાયમાં આનંદના અંશના વેદનથી એમ પ્રતીતમાં આવ્યું કે અહો, આખો આત્મા આવા આનંદસ્વરૂપ છે, પૂર્ણ આનંદ મારામાં ભર્યો છે.–આવી પ્રતીતથી સમ્યગ્દર્શન થાય છે.

સહજ પારિણામિકભાવરૂપ ચેતનસ્વભાવથી જોતાં આત્મા અનાદિ–અનંત છે. ઔદયિકભાવ સાદિ–સાંત છે, સમયે સમયે તે પલટાય છે, એકરૂપ રહેતો નથી, તેથી ઔદયિકભાવ અપેક્ષાએ આત્મા સાદિ–સાંત છે, તેમજ ક્ષાયોપશમિકભાવ પણ સાદિ–સાંત છે, ઉપશમભાવ પણ સાદિ–સાંત છે. ઉદયભાવ ને ક્ષયોપશમભાવ પ્રવાહપણે અનાદિના છે પણ અનાદિના એકરૂપપણે તે ટકતા નથી, તે બદલતા–બદલતા ભાવ છે તેથી તે સાદિ–સાંત છે. ઉપશમભાવ અનાદિનો નથી હોતો, નવો પ્રગટે છે, ને તેનો અંત આવી જાય છે, તેથી તે પણ સાદિ–સાંત છે.

ક્ષાયિકભાવ જે પ્રગટયો તે સદાકાળ એવો ને એવો ટકી રહે છે તેથી તે સાદિ–અનંત છે; આવા ભાવોનો કર્તા જીવ છે; જીવના જ અસ્તિત્વમાં તે થાય છે, માટે તેનો કર્તા જીવ કહ્યો. શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિમાં ધર્મીને રાગાદિનું કર્તૃત્વ નથી; આમ રાગથી ભિન્ન શુદ્ધ સ્વભાવને દ્રષ્ટિમાં લેવાથી જ સમ્યગ્દર્શન થાય છે.

અહીં તો જીવનું અસ્તિત્વ કેવું છે ને તેનામાં કેવા ભાવો છે તે ઓળખાવવું છે. પછી તેમાંથી કોના આશ્રયે ધર્મ થાય ? ને કોના આશ્રયે ધર્મ ન થાય ? તે પણ સમજવું જોઈએ. રાગાદિ ઉદયભાવને જીવનો ભાવ કહ્યો, તેથી કાંઈ તે રાગ મોક્ષનું કારણ નથી, તે બંધના કારણરૂપ ભાવ છે. બંધના કારણરૂપ જે ભાવ છે તેને મોક્ષનું કારણ માને તો વિપરીત માન્યતા છે.

ક્ષાયિક સમ્યક્ત્વાદિ ક્ષાયિકભાવો તે જોકે સાદિ છે, પણ પ્રગટયા પછી તેનો કદી અંત નથી એટલે તે અનંત છે, અનંતકાળ સુધી એવી ને એવી પર્યાય થયા કરે છે. શ્રેણીકરાજાને મહાવીર ભગવાનની સભામાં ક્ષાયિક સમ્યક્ત્વ થયું, તે જ ક્ષાયિક સમ્યક્ત્વ અત્યારે નરકમાં પણ તેમને ચાલુ છે, તથા તીર્થંકર થઈને સિદ્ધ થશે ત્યારે પણ એ જ ક્ષાયિક સમ્યક્ત્વ તેમને ચાલુ રહેશે. અત્યારે તે જીવના અસ્તિત્વમાં ચાર ભાવો

છે–પારિણામિકભાવ (અનાદિ અનંત); જ્ઞાનાદિનો ક્ષયોપશમ અને નરકગતિ વગેરે ઉદયભાવો છે, તેનો અલ્પકાળમાં અભાવ થઈ જશે; અને સમ્યક્ત્વમાં ક્ષાયિકભાવ છે. સંસારમાં બધા જીવોને પારિણામિકભાવ અને ઉદયભાવ હોય છે; તે ઉપરાંત છદ્મસ્થ જીવોને બધાને ક્ષાયોપશમિકભાવ હોય છે, તથા કોઈને ઉપશમ કે ક્ષાયિકભાવ પણ હોય છે. સિદ્ધોને પારિણામિક અને ક્ષાયિક બે ભાવો જ હોય છે. જીવના સદ્ભાવમાં આવા ભાવો હોય છે; જીવના ભાવોનો કર્તા જીવ છે, બીજો તેનો કર્તા નથી, તેમજ જીવ બીજાના ભાવોનો કર્તા નથી. જીવના આવા સ્વતંત્ર અસ્તિત્વને અને તેના ભાવોને ઓળખ્યા વગર જીવતત્ત્વનું સાચું જ્ઞાન થાય નહીં.

કર્મના ક્ષય–ઉદય વગેરેની અવસ્થા કર્મમાં, અને જીવના ક્ષાયિકાદિ ભાવોની અવસ્થા જીવમાં,–બંનેનો સદ્ભાવ ભિન્નભિન્ન પોતપોતામાં જ છે, અન્યમાં તેનો અભાવ છે.

એક જ જીવવસ્તુને અનાદિઅનંત ભાવ, ને તેને જ વળી સાદિ–સાંત તથા સાદિ–અનંત ભાવો, એમ બંને વાત જીવને એકસાથે લાગુ પડે છે કેમકે વસ્તુ દ્રવ્ય–પર્યાયસ્વરૂપ છે. અનાદિ–અનંત એવો પારિણામિકભાવ તો દ્રવ્યઅપેક્ષાએ છે, અને સાદિસાંત કે સાદિઅનંત (ઔપશમિક કે ક્ષાયિકાદિ) ચાર ભાવો તે પર્યાયઅપેક્ષાએ છે; તે તે સમયના ભાવમાં જીવ પોતે તદાકારરૂપ પરિણમે છે, આ રીતે પાંચભાવરૂપ જીવ સ્વયં પરિણમે છે, તેથી તેને પોતાના ભાવનું કર્તાપણું છે. પારિણામિકભાવ જે સદા એકરૂપ છે તે પોતે મોક્ષ, મોક્ષમાર્ગ કે બંધરૂપ નથી; બંધ, મોક્ષ કે મોક્ષમાર્ગ તે રૂપ ચાર ભાવો પર્યાયમાં છે. એક ભાવ દ્રવ્યરૂપ, અને ચાર ભાવ પર્યાયરૂપ,–આવા પાંચભાવરૂપ જીવ છે, તે પોતાની પર્યાયમાં પોતાના ભાવનો કર્તા છે. તે પોતાના સ્વભાવના આશ્રયે વીતરાગભાવરૂપ પરિણમે–એનું નામ જૈનશાસન છે, તે ધર્મ છે.

આત્મા શરીરાદિ અજીવપદાર્થોથી ભિન્ન છે પણ પોતાના જ્ઞાન–સુખ વગેરે ગુણોથી ને પર્યાયોથી અભિન્ન છે. નિરપેક્ષ એવા પારિણામિકભાવથી જીવને અનાદિઅનંતપણું છે. તેને જ બીજા ભાવોની અપેક્ષાથી સાદિ–સાંતપણું કે સાદિ–અનંતપણું સંભવે છે. જેમકે જીવને ઔદયિકભાવરૂપ મનુષ્યપણું કે દેવપણું તે સાદિ–સાંત છે; અને સિદ્ધદશારૂપ ક્ષાયિકભાવ સાદિ–અનંત છે. પણ આવા સાદિ–સાંત, સાદિ–અનંત કે અનાદિ–અનંત એ ભાવો જીવના પોતાથી જ છે, કોઈ બીજાના કારણે નથી.–એમ સ્વાધીન અસ્તિત્વથી જીવને ઓળખવો જોઈએ. જેમ સમુદ્ર સમુદ્રપણે કાયમ રહીને તેના જળમાં

તરંગો ઊપજે–વિણસે છે, તેમ જીવવસ્તુ પોતે દ્રવ્યપણે નિત્ય હોવા છતાં તેનામાં પર્યાયરૂપ તરંગો ઉત્પાદ–વ્યયને પામે છે; આવું જીવનું અસ્તિત્વ છે.

જીવનાં છ કારકો જીવમાં, ને પુદ્ગલકર્મના છએ કારકો પુદ્ગળમાં. બંનેનું અત્યંત જુદાપણું છે;–એ વાત ૬૨મી ગાથામાં કહી છે. અનાદિ–અનંત એવા જીવને પર્યાયમાં કોઈ ભાવની અપેક્ષાએ સાદિ–સાંતપણું હોવામાં વિરોધ નથી, તેમજ કોઈ ભાવની અપેક્ષાએ સાદિઅનંતપણું પણ સંભવે છે. પરંતુ પરચીજનું અસ્તિત્વ તો આત્મામાં એકસમય પણ સંભવતું નથી, તેનું તો સદાય ભિન્નપણું જ છે.

ભાઈ! તું તારા અસ્તિત્વમાં દેખ...તારા અસ્તિત્વમાં કયા ભાવો તને હિતરૂપ છે? ને કયા ભાવો હિતરૂપ નથી? તેને જો. પરના અસ્તિત્વમાં તારું કાંઈ નથી, ને તારા અસ્તિત્વમાં પરચીજ નથી. આત્માને દ્રવ્યઅપેક્ષાએ સાદિસાંતપણું છે; ક્ષાયિકભાવ–અપેક્ષાએ સાદિઅનંતપણું છે. આવા ભાવોવાળું આત્માનું અસ્તિત્વ છે.

વસ્તુનો ભાવ વસ્તુમાં હોય છે, બહાર નથી હોતો. સોનાનો ભાવ કાંઈ રૂપિયામાં નથી. સોનાનો ભાવ તો સોનામાં જ છે, સોનાની જે પીળાશ–ચીકાશ–વજન છે તે તેનો ભાવ છે, તેમ આત્માનો ભાવ આત્મામાં છે; જ્ઞાન–સમ્યગ્દર્શન–સુખ વગેરે આત્માના ભાવો છે; વસ્તુના ભાવો વસ્તુથી જુદા હોતા નથી. આત્માનો કોઈ ભાવ શરીરમાં ન રહે; આત્મામાં જ હોય. ઉદયભાવના ૨૧ પ્રકાર કે ક્ષાયિકભાવના ૯ પ્રકાર, એ બધા ભાવો જીવથી પોતાથી છે, કોઈ બીજાને લીધે નથી. નિમિત્ત અપેક્ષાએ ચારભાવોને કર્મકૃત વ્યવહારે કહ્યા, પણ નિશ્ચયથી જીવના ભાવમાં કર્મનું કારકપણું નથી. જીવનાં કારક જીવમાં, ને કર્મનાં કારક કર્મમાં–એમ બંનેનું સર્વત્ર જુદાપણું છે. જીવની અવસ્થામાં ઔદયિક ક્ષાયિક વગેરે ભાવો થાય તેમાં કર્મના ઉદય–ક્ષય વગેરે નિમિત્ત હોવા છતાં, પોતાના તે ભાવનો કર્તા જીવ પોતે જ છે, બીજો તેનો કર્તા નથી કેમકે તે ભાવો જીવના જ અસ્તિત્વમાં છે–એમ જાણવું.

* ભગવત ધર્મ સૂક્ષ્મ છે, અર્થાત્ સર્વજ્ઞનો વીતરાગધર્મ સૂક્ષ્મ છે; રાગ તો સ્થૂળ પરિણામ છે, તેના વડે ભગવત્ ધર્મ પમાતો નથી. સૂક્ષ્મ એવો ભગવત્ ધર્મ–વીતરાગ ધર્મ તે તો સૂક્ષ્મ–અતીન્દ્રિય જ્ઞાનવડે જ પમાય છે.

* રે જીવ! રત્નત્રયના સુંદર પુષ્પોથી ખીલેલા તારા ચૈતન્ય બાગમાં પાંચઇન્દ્રિયવિષયોરૂપી ઊંટડાને તું છૂટો ન મુકીશ, નહિતર તે ઊંટડા તારા ઉત્તમ ચૈતન્યબાગને ઉજ્જડ કરી નાંખશે. સમ્યક્ત્વ સહિતના ઉત્તમ વૈરાગ્યરૂપી વાડથી તારા ચૈતન્યબાગની રક્ષા કરજે.

# આસ્તિકતાનું આંદોલન

નાસ્તિકતા તરફ ઢસડાઈ રહેલા આ જમાનામાં પણ,
જ્ઞાનીગુરુઓના પ્રતાપે આસ્તિકતાનું આંદોલન પ્રસરી રહ્યું છે;
ને હજારો બાળકો યુવાનો આસ્થાપૂર્વક ધર્મમાં રસ લઈ રહ્યા છે.

પ્રશ્નઃ– શાસ્ત્રો કહે છે કે સારા કૃત્ય કરે તે સ્વર્ગમાં જાય અને દુષ્ટ કૃત્ય કરે તે નરકમાં જાય; પણ નરક અને સ્વર્ગ જોવા કોણ ગયું હતું?

(–ચેતનાબેન જૈન સ. નં. ૧૮૦ જામનગર)

ઉત્તરઃ– બેન, આપણા દેશમાં ૨૪ તીર્થંકરભગવંતો થઈ ગયા–એમ તમે માનો છોને?–હા; તેમને તમે જોયા છે? ના; અને છતાં ખાતરી છે કે તેઓ હતા જ. સામાન્ય લૌકિક દાખલો લઈએ તો ગાંધીજી અને ગોડસે જેવા મનુષ્યો વીસેક વર્ષ પહેલાં આ ભારતભૂમિમાં હતા એ તો તમે માનો છોને!–બેમાંથી એક્કેયને તમે નજરે જોયા નથી છતાં તેને તમે માનો છો અને શંકા ઊઠતી નથી. કેમકે તેમના સંબંધી પુસ્તકદ્વારા, બીજા અનુભવી મનુષ્યોના કથન દ્વારા કે અન્ય અનુમાનોથી તમે તેનો સ્વીકાર કરો છો કે જરૂર તે હતા.

તો એ જ રીતે સ્વર્ગ–નરક પણ છે,–એનો સ્વીકાર થઈ શકે છે. તેને લગતા શાસ્ત્રોદ્વારા, (શાસ્ત્રકારો એવા વીતરાગી હતા કે ખોટું લખવામાં તેમને કોઈ હેતુ ન હતો.) તથા વિશેષજ્ઞાની પ્રમાણભૂત જ્ઞાનીઓ દ્વારા અને બીજા પ્રમાણો (જાતિસ્મરણ જ્ઞાન વગેરે) થી એ બધાયનું નિઃશંક અસ્તિત્વ સમજી શકાય છે. એવા પ્રમાણભૂત જ્ઞાની જીવો પણ છે કે જેઓ પૂર્વે ભૂતકાળમાં સ્વર્ગમાં હતા તેનું અત્યારે તેમને જ્ઞાન હોય. અમુક સ્થળે સ્વર્ગના દેવોનું આગમન પણ કોઈવાર સંભવે છે. તીર્થંકર ભગવાનના કલ્યાણક પ્રસંગે કે ભગવાનની સમવસરણસભામાં તો દેવોને આપણે પણ નજરે દેખી શકીએ. અમેરીકા કદી ન જોયું હોય છતાં જેટલી સહેલાઈથી તેનું અસ્તિત્વ સ્વીકારી શકાય છે એટલી જ સહેલાઇથી સ્વર્ગ–નરકનું અસ્તિત્વ પણ સ્વીકારી શકાય છે, ને જરૂર તે સ્વીકારવું જોઇએ. તે સ્વર્ગ–નરકના કારણરૂપ ભાવ (પુણ્ય ને પાપ) પણ જીવોમાં દેખાય છે; તો તે કારણ અનુસાર કાર્ય (–તેના ફળરૂપ સ્વર્ગ–નરક) જરૂર છે. અને મોક્ષદશા–સિદ્ધદશા તો એનાથી પણ ઘણી સૂક્ષ્મ છે–કે જે વીતરાગભાવનું ફળ છે.

અત્યારે અહીંથી આપણને સ્વર્ગ–નરક ન દેખાતા હોય તો તે આપણા

જ્ઞાનની તેવી કચાશ છે તેથી નથી દેખાતા, પરંતુ તે સ્વર્ગ–નરક છે તો ખરા જ. આ સંબંધી ગુરુદેવ ઘણીવાર યુક્તિથી પણ સમજાવે છે કે–

એક માણસ અત્યારે કતલખાનાં ચલાવે છે, ક્રૂર હિંસાના પરિણામથી મહાપાપો કરે છે અને છતાં અત્યારે તે લાખો–કરોડો રૂપિયા કમાતો હોય છે, બંગલા–મોટરમાં મહાલતો હોય છે, એ રીતે પુણ્યનાં ફળને ભોગવી રહ્યો છે; હવે વર્તમાનમાં કરે છે તો પાપ, અને ભોગવે છે પુણ્યને; તો આ પાપનું ફળ શું તેને નહિ આવે ? આવશે જ; પૂર્વે કોઈ પુણ્ય કરેલા તેનું ફળ તેને અત્યારે દેખાય છે. અને લાખો જીવોની હિંસાના જે તીવ્ર પાપભાવ અત્યારે સેવી રહ્યો છે તેનું ફળ તો તે નરકસ્થાનમાં ભોગવશે. આપણી આ પૃથ્વીની નીચે ઘણે દૂર નરકનાં સાત સ્થાનો છે ને ત્યાં અસંખ્યાતજીવો પાપનું ફળ વેદી રહ્યા છે. ને ઉપર દેવલોકનાં સ્થાનો છે. સૂર્ય–ચંદ્ર–તારા વગેરે દેખાય છે તે પણ જ્યોતિષી નામનાં દેવોનાં સ્થાનો જ છે. તેમાં દેવો રહે છે; મનુષ્યો ત્યાં નથી રહેતા.

ઉપર જેમ પાપી જીવનું દૃષ્ટાંત આપ્યું; તેમ કોઈ જીવ વર્તમાનમાં દયા વગેરે શુભ પરિણામ કરતો હોય, પુણ્ય કરતો હોય, છતાં અત્યારે તે દરિદ્રી દુઃખી હોય તો શું તે પુણ્યનું ફળ છે ? ના; પૂર્વે તેણે કોઈ પાપ કરેલા તેનું ફળ છે, ને અત્યારે જે પુણ્યભાવ છે તેનું ફળ તો સ્વર્ગમાં આવશે.

એક માણસે એક ખૂન કર્યું, તે પકડાય ને કોર્ટમાં સાબિત થાય તો કદાચ તેને એકવાર ફાંસી આપે; હવે બીજા માણસે એક નહિ પણ લાખો માણસોના નિર્દયપણે ખૂન કર્યા હોય, ને તે પકડાય, તો તેને પણ એકવાર ફાંસી આપે. (કેમકે કાંઈ બે વાર ફાંસી નથી આપી શકાતી !)–તો એક ખૂન કરનારને એટલી સજા ને લાખો ખૂન કરનારને પણ એટલી સજા,–એમાં શું કુદરતનો ન્યાય જળવાય છે ?–ના; અહીંનું રાજ ભલે એના ગુનાની પૂરી સજા ન કરી શકે, પણ કુદરતના ન્યાયમાંથી તે છૂટી નહિ શકે. (અહીં તો કદાચ હજારો ખૂન કરવા છતાં નિર્દોષ પણ છૂટી જાય, પણ કુદરતના કાનુનમાંથી તે છટકી નહીં શકે.) નરકમાં જઇને પોતાના પાપની પૂરી સજા તે ભોગવશે.

આ રીતે પુણ્ય કે પાપ જેવા ભાવો જીવ કરે તેવું ફળ પણ તે ભોગવે છે, જીવ પોતે એક ગતિમાંથી બીજી ગતિમાં પુનર્જન્મ ધારણ કરે છે. પૂર્વે થઈ ગયેલા પાપોને વર્તમાનમાં આત્મજ્ઞાન વગેરે દ્વારા છેદી પણ શકાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે જ્યારે પાપ અને પુણ્ય બંનેથી રહિત દશા પ્રગટે ત્યારે જીવ મુક્તિ પામે છે એટલે કે મોક્ષદશા પામે છે, પોતે ભગવાન થાય છે, પરમાત્મા થાય છે.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

## ( સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

આકાશમાં બન્યો સુંદર મહેલ–

❈ એકવાર અભિનંદનસ્વામી આકાશ સામે જોતા હતા. ત્યાં આકાશમાં એક અતિસુંદર મહેલ દેખાઈ રહ્યો છે. વાદળાંની જ એવી કોઈ અદ્‌ભુત રચના થઈ છે. જોતજોતાંમાં વાદળાં તો વીખરાઈ ગયા ને મહેલ અલોપ થઈ ગયો.

અભિનંદનસ્વામી એ દ્રશ્ય દેખીને વૈરાગ્ય પામ્યા. અને દેહની તથા સંસારની ક્ષણભંગુરતાનો વિચાર કરવા લાગ્યાઃ અરે! આ શરીરને ગમે તેવા ઉત્તમ પદાર્થોથી પુષ્ટ કરવામાં આવે તો પણ ચોક્કસપણે તે નષ્ટ થઈ જશે. આ જગતમાં જેને આયુષ્ય છે તેને જ મરણ થાય છે, જેને આયુષ્ય નથી તેને મરણ પણ નથી. માટે જેઓ મરણથી ડરીને તેનાથી બચવા ચાહતા હોય તેણે આયુથી ડરવું જોઈએ, અર્થાત્ એવી વીતરાગતા પ્રગટ કરવી જોઈએ કે નવા ભવનું આયુ જ ન બંધાય, એટલે મરણ જ ન થાય, ને આયુ વગરનું અવિનાશી સિદ્ધપદ પ્રગટે. આયુકર્મનો નાશ થતાં જ આઠે કર્મરહિત સિદ્ધપદ પ્રગટે છે.

લોકો જીવવા માટે આયુની આશા રાખે છે, પરંતુ જ્યાં આયુનું બંધન છે ત્યાં અવશ્ય મરણ છે. જીવનું જીવવાપણું આયુથી નહીં પણ ચેતનાથી જ છે. ચેતનામાં એવી તાકાત છે કે આત્માને સદાય જીવંત રાખે. જે ચેતનસ્વરૂપે પોતાને અનુભવે છે તેને કદી મરણ નથી.

❈ સોનગઢના સરપંચ લખે છે–જન્મદિન નિમિત્તે પુસ્તિકા ભેટ મળી તે માટે આભાર. અમને સોનગઢમાં પૂ. ગુરુદેવનું શરણું મળ્યું છે તે અમારા પરમ અહોભાગ્ય છે. આજે જ્યારે અન્ય લોકો હજારો રૂપિયા ખર્ચી પૂ. ગુરુદેવની અપૂર્વ વાણીનો લાભ લેવા અને ધર્મ પામવા સોનગઢ આવે છે ત્યારે અમારા ધનભાગ્ય છે કે ગુરુદેવે અમારી આ જન્મભૂમિને પાવન કરીને સોનગઢને વિદેહક્ષેત્ર જેવું બનાવી દીધું છે. આ દેખીને અમને તો એટલો આનંદ ને ઉત્સાહ થાય છે કે ગુરુદેવ અમારા કલ્યાણ માટે જ અહીં પધાર્યા છે. –રમણીકલાલ ફૂલચંદ મહેતા.

❈ પ્રશ્નઃ–'મારે સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે'–એવી ભાવના તે રાગ કહેવાય કે નહીં? ( ભરત જૈન, કલકત્તા; સ. નં. ૧૭૯ )

ઉત્તરઃ–"ભાવના" બે પ્રકારનીઃ એક ઈચ્છારૂપ; બીજી પરિણતિરૂપ. સમ્યક્ત્વ–ભાવરૂપ જે પરિણમન તે સમ્યક્ત્વની પરમાર્થભાવના છે.–જેમકે 'સમ્યગ્દ્રષ્ટિ પોતાના

શુદ્ધાત્માને ભાવે છે’–આ ભાવના તે શુદ્ધપરિણમનરૂપ છે. અને અપ્રાપ્તને પ્રાપ્ત કરવાની ઈચ્છારૂપ જે ભાવના છે તે રાગ છે.

✻ અંતરીક્ષમાં જવું સહેલું છે, અંતરમાં જવું અઘરું.

✻ અંતરમાં જવા માટેનું વિજ્ઞાન જેવું ભારત પાસે છે તેવું બીજા પાસે નથી.

✻ મેરૂપર્વત એકલાખ જોજન એટલે કે ચાલીસ કરોડ માઈલ ઊંચો છે. જૈનસિદ્ધાંત અનુસાર મનુષ્યોનું ગમન ત્યાંસુધી થઈ શકે છે...ચંદ્રલોક તો માત્ર ૮૦૦ યોજન એટલે ૩૨ લાખ માઈલ જેટલો જ ઊંચો છે. એટલે ત્યાંસુધી મનુષ્યોનું ગમન થઈ શકે એ કોઈ આશ્ચર્યની વાત નથી, પણ ચંદ્રલોક એ દેવલોક છે, મનુષ્યો ત્યાં રહી શકે નહિ.

✻ અસંખ્ય જીવો મરીને ચંદ્રલોકમાં ઊપજે છે; પરંતુ ચંદ્રલોકમાં એવા જ જીવો ઊપજે છે કે જેમને આત્માનું જ્ઞાન હોતું નથી. (ત્યાં ગયા પછી કોઈ જીવો આત્માનું જ્ઞાન કરે તે જુદી વાત છે, પણ ત્યાં ઊપજતી વખતે તો આત્મજ્ઞાન હોતું નથી.)

✻ સુશિક્ષિત યુવાન વર્ગમાં પણ ‘આત્મધર્મ’ માટે કેટલો રસ છે તે શ્રી બટુકભાઈ ખંડેરીઆના કોઈમ્બતૂર (મદ્રાસ) થી લખેલા પત્ર ઉપરથી ખ્યાલમાં આવશે; તેઓ લખે છે કે–અહીં જેમને ત્યાં ‘આત્મધર્મ’ આવે છે તેઓ મારા મિત્ર થઈ ગયા છે, અને જે દિવસે આત્મધર્મ આવે કે તે જ દિવસે મને આપી જાય છે કેમકે મને તેના વિના જીંદગીમાં જરાપણ ચેન પડતું નથી. ગુરુદેવે બતાવેલો એક જ માર્ગ છે કે જેમ બને તેમ વહેલું આત્માને ઓળખીને તેની ભાવના કરીને મુક્તિના માર્ગને સાધવો. હું ગમે ત્યાં પ્રવાસમાં હોઉં તોપણ જિનવાણીની સ્તુતિ અને સ્વાધ્યાય ચાલુ જ રાખું છું.

એક સુંદર વસ્તુ શોધી કાઢો

✻ એક અત્યંત સુંદર વસ્તુ

✻ જેના પગ પાતાળને અડે–ને માથું સ્વર્ગને ભટકાય

✻ જેના ખોળામાં ભગવાન નહાય–સન્તો જેનાં દર્શન કરે

✻ દેવો જેની સેવા કરે.–આપણું એ સૌથી ઊંચું તીર્થધામ...?

✻ જેટલા તીર્થંકર થાય તે બધાય ત્યાં જાય. કહો જોઈએ, તે વસ્તુ કઈ?
(એને બીજા ચાર નાના ભાઈ છે.)

✻ “આત્મધર્મ વાંચતા બહારનું બધું ભૂલાઈ જઈને ખૂબ–ખૂબ આનંદ અનુભવાય છે. ગુરુદેવનો ઉપકાર છે.–વેણીભાઈ ગાંધી, સાંગલી.

✻ બી. કોમ. થઈને L. L. B. નો અભ્યાસ કરી રહેલા ભાઈશ્રી સુરેશ ભૂરાલાલ કામદાર સુરતથી લખે છે કે–હું આત્મધર્મ અને બાલવિભાગ કાયમ વાંચું છું, અને મને ઘણો આનંદ થાય છે. આત્મધર્મ વાંચતાં

વાંચતા ઘણીવાર વૈરાગ્યભાવના જાગી ઊઠે છે. ભવચક્રને ટાળવું હોય તો ગુરુદેવે બતાવેલો આ માર્ગ જ સાચો છે.

❈ માંડલથી એક નાનો બાળક (પરેશ) ભાંગીતૂટી ભાષામાં ઉમંગથી લખે છે કે 'દરસાલ જન્મદિવસે ભેટ મળે છે તે માટે આભાર માનું છું; નાનપણથી મળતું આવું મોંઘેરું ધન મારા જીવનને ઉજ્જવળ બનાવશે.'

❈ મોરબીના એક મુમુક્ષુબેન લખે છે કે આત્મધર્મ દ્વારા ગુરુદેવની અદ્‌ભુત અલૌકિક વાણીનો લાભ મળે છે. આત્મધર્મને અલંકારમય બનાવી સંસારી જીવોને શાંતિના ચાહે ચડાવો છો; તે વાંચીને ખૂબ આનંદ આવે છે.

❈ વીંછીયા (સ. નં. ૧૭) તમારું અને બીજા કેટલાક સભ્યોનું કાવ્ય મળ્યું છે. આત્મધર્મ પ્રત્યે તેમજ ગુરુદેવ પ્રત્યે ઉલ્લાસ વ્યક્ત કરવા માટે ધન્યવાદ!

તમે ખરૂં જ લખ્યું છે કે–

ભવ્યો જાગો રે હવે...ટાણાં વીતી રે જશે.
ગુરુજી આતમ વાત આપે,
એ વાત ભવદુઃખ કાપે.
દેહ ક્ષણભંગુર અરે! વિલંબ શાને કરે?

❈ અમને ઘણા વખતથી સમ્યગ્દર્શન કેમ થતું નથી? (એક જિજ્ઞાસુ)

તેનો ઉત્તર શોધવા માટે અંતરમાં એટલો જ વિચાર કરવાનો છે કે, સમ્યગ્દર્શન માટે પરિણામોની ઉજ્જવળતાનો જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પુરુષાર્થ જીવે કર્યો છે ખરો?– એના વિચારમાં પ્રશ્નનો ઉત્તર મળી જશે.

❈ ઉત્તર પુરાણમાં કહે છે કે–

યમરાજની દાઢ વચ્ચે રહેવું ને જીવવાની ઈચ્છા કરવી–એ તે કેવો મોહ?

ભાઈ! મરણથી બચવું હોય તો યમરાજના મોઢામાંથી તું બહાર નીકળ. અને જ્યાં યમરાજ પહોંચી ન શકે એવા મોક્ષમાં જઇને વસ.

કોઈપણ ગતિમાં જીવનું આયુ અસંખ્ય જ સમયનું છે, છતાં તેને જ તે શરણ માને છે; પણ આશ્ચર્ય છે કે એક પછી એક વીતી રહેલી તે આયુની ક્ષણો જ તેને યમરાજ તરફ ધકેલી જાય છે.

રે જીવ! અનંતકાળનું જીવન આપનારી જે ચેતના તેને ઓળખ; એ ચેતના જ મૃત્યુના મુખમાંથી બહાર કાઢનાર છે.

### દરિદ્રતાનું માપ!

### દરિદ્રતા કેમ દૂર થાય?

❈ કેટલું ધન મળે તો દરિદ્રતા મટે? એનું કોઈ માપ નથી.

❈ લોભ એ દરિદ્રતા છે; લોભ મટે તો દરિદ્રતા મટે.

❈જેટલો લોભ તેટલી દરિદ્રતા, તે દરિદ્રતા દૂર કરવાનો ઉપાય?–નિર્લોભ થવું તે.

❈ નિર્લોભ થવાની રીત?–જ્ઞાનવૈભવથી આત્મા પૂરો છે તેનું ધ્યાન ધરવું તે.

# ‘અમે જિનવરનાં સન્તાન’ ( નવા સભ્યોનાં નામ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪૨૬ | પ્રવીણકુમાર એ. જૈન | સોનાસણ | ૨૪૬૧ | નિખીલકુમાર આર. જૈન | મોરબી |
| ૨૪૨૭ | ભુપેન્દ્રકુમાર એ. જૈન | ધોળકા | ૨૪૬૨ | ગુલાબચંદ ડી. જૈન | સોનગઢ |
| ૨૪૨૮ | અતુલકુમાર એ. જૈન | ધોળકા | ૨૪૬૩ | જયકુમાર એન. જૈન | સાબલી |
| ૨૪૨૯ | પ્રકાશચંદ્ર ટી. જૈન | વઢવાણ | ૨૪૬૪ | પંકજકુમાર જે. જૈન | સાબલી |
| ૨૪૩૦ | રાજશ્રીબેન ટી. જૈન | વઢવાણ | ૨૪૬૫ | રેખાબેન જે. જૈન | સાબલી |
| ૨૪૩૧ | કલ્પનાબેન બી. જૈન | મુંબઈ | ૨૪૬૬ | મિનાક્ષીબેન જી. જૈન | સાબલી |
| ૨૪૩૨ | યોગેશકુમાર બી. જૈન | મુંબઈ | ૨૪૬૭ | કાંતિલાલ ટી. જૈન | કલકત્તા |
| ૨૪૩૩ | દારાબેન બી. જૈન | મુંબઈ | ૨૪૬૮ | ચંદ્રિકાબેન કે. શાહ | સાબલી |
| ૨૪૩૪ | સુનીલકુમાર બી. જૈન | મુંબઈ | ૨૪૬૯ | હર્ષદભાઈ ડી. જૈન | કાનાતળાવ |
| ૨૪૩૫ | અરૂણાબેન એન. જૈન | વઢવાણ | ૨૪૭૦ | હરીશકુમાર ડી. જૈન | સોનગઢ |
| ૨૪૩૬ | હંસાબેન એન. જૈન | વઢવાણ | ૨૪૭૧ | ભાસ્કરભાઈ પી. પારેખ | મુંબઈ |
| ૨૪૩૭ | અરૂણાબેન જે. જૈન | અમરાવતી | ૨૪૭૨ | સેતુબેન રસીકલાલ જૈન | અમદાવાદ |
| ૨૪૩૮ | અનીલકુમાર જે. જૈન | અમરાવતી | ૨૪૭૩ | ભરતકુમાર આર. જૈન | અમદાવાદ |
| ૨૪૩૯ | કમલેશકુમાર એન. જૈન | વઢવાણ | ૨૪૭૪ | હસમુખરાય ડી. જૈન | રાજકોટ |
| ૨૩૪૦ | કૌશીકકુમાર એન. જૈન | વઢવાણ | ૨૪૭૫ | ઉષાબેન વી. જૈન | મુંબઈ |
| ૨૪૪૧ | રાજેન્દ્રકુમાર કે. જૈન | સાબલી | ૨૪૭૬ | જશુબેન વી. જૈન | મુંબઈ |
| ૨૪૪૨ | મહાકાન્તભાઈ આર. જૈન | સુરેન્દ્રનગર | ૨૪૭૭ | સુશીલાબેન એમ. શાહ | સાબલી |
| ૨૪૪૩ | સુનિતાબેન એમ. જૈન | રાધોગઢ | ૨૪૭૮ | અંજલીબેન બી. શાહ | મુંબઈ |
| ૨૪૪૪ | શશીકુમાર એમ. જૈન | રાધોગઢ | ૨૪૭૯ | વિશાલકુમાર પ્રકાશચંદજી જૈન | ખંડવા |
| ૨૪૪૫ | નરેન્દ્રકુમારએમ. જૈન | રાધોગઢ | ૨૪૮૦ | કિલ્લોલકુમાર ધરમચંદભાઈજૈન | જમશેદપુર |
| ૨૪૪૬ | વિજયકુમારી વી. જૈન | રાધોગઢ | ૨૪૮૧ | નયનાકુમારી નટવરલાલભાઈ | અમદાવાદ |
| ૨૪૪૭ | સુશીલકુમાર વી. જૈન | રાધોગઢ | ૨૪૮૨ | રાજુલકુમારી ઉત્તમલાલભાઈ જૈન | મુંબઈ |
| ૨૪૪૮ | સુનીતાકુમારી વી. જૈન | રાધોગઢ | ૨૪૮૩ | નીષાકુમારી સવાયલાલભાઈ જૈન | મુંબઈ |
| ૨૪૪૯ | નિર્મલાકુમારી કે. જૈન | રાધોગઢ | ૨૪૮૪ | કેતનકુમાર બંસીલાલભાઈજૈન | ભાવનગર |
| ૨૪૫૦ | રાજેશકુમાર કે. જૈન | રાધોગઢ | ૨૪૮૫ | નીલેષકુમારબંસીલાલભાઈજૈન | ભાવનગર |
| ૨૪૫૧ | અનિતાકુમારી કે. જૈન | “ | ૨૪૮૬ | નીતીનકુમાર સૂર્યકાન્તભાઈ જૈન | વઢવાણ |
| ૨૪૫૨ | ચેતનાબેન એમ. જૈન | એડ્રેસ લખો | ૨૪૮૭ | સમીરકુમાર વિજયકુમાર જૈન | દાદર |
| ૨૪૫૩ | કમલેશકુમાર એમ. જૈન | “ | ૨૪૮૮ | ભારતીબેન ચુનીલાલ જૈન | સાબલી |
| ૨૪૫૪ | અરૂણાબેન ટી. જૈન | “ | ૨૪૮૯ | સુરેશકુમાર ભૂરાલાલ જૈન | સુરત |
| ૨૪૫૫ | ઇન્દુબેન ટી. જૈન | “ | ૨૪૯૦ | અતુલકુમાર એન. જૈન | ભાવનગર |
| ૨૪૫૬ | ઉષાબેન વી. જૈન | મુંબઈ | ૨૪૯૧ | રાજેન્દ્રકુમાર કિરણમલ જૈન | રાધોગઢ |
| ૨૪૫૭ | જસુબેન વી. જૈન | મુંબઈ | ૨૪૯૨ | જિનેશકુમાર કિરણમલ જૈન | રાધોગઢ |
| ૨૪૫૮ | સેવંતીલાલ કે. જૈન | ગોંડલ | ૨૪૯૩ | તારાબેન કિરણમલ જૈન | “ |
| ૨૪૫૯ | રાજેશકુમાર આર. જૈન | કલકત્તા | ૨૪૯૪ | મહાવીરકુમાર ફુલચંદજી જૈન | “ |
| ૨૪૬૦ | કેતનાબેન આર. જૈન | મોરબી | ૨૪૯૫ | અશોકકુમાર ફુલચંદજી જૈન | “ |

# વૈરાગ્ય સમાચાર-

વઢવાણના ભાઈશ્રી ધરમશી હરજીવન મણિઆરના પુત્ર પ્રેમચંદભાઈ (તે બ્રહ્મચારી લલિતાબેનના ભાઈ) ૩૭ વર્ષની વયે પોષ સુદ ત્રીજના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અનેકવાર સોનગઢ શિક્ષણવર્ગમાં પણ આવી ગયેલા; તેમને કેટલાક વખતથી માનસિક બિમારી જેવું હતું. છેલ્લા દિવસોમાં તેઓ ગુરુદેવના દર્શનની ભાવના પણ કરતા. તેમનો આત્મા વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મ–શાંતિ પામો.

લાઠીના ભાઈશ્રી વીરચંદ વશરામ (ઉ. વ. ૯૦) પોષ વદ પાંચમને મંગળવારે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ હંમેશ જિનમંદિરે જતા અને ગુરુદેવ પ્રત્યે ખાસ પ્રેમ ધરાવતા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મ–શાંતિ પામો.

જેમ દેહનો સંયોગ એક ક્ષણમાં છૂટી જાય છે, તેમ અંતર્મુખ નજર કરતાં ક્ષણમાં આત્મા અનુભવમાં આવે છે ને મોહ છૂટી જાય છે. વસ્તુ તો અવિનાશી છે, તેમાં નજર કરે એટલી જ વાર છે. નિજ વસ્તુમાં નજર કરતાં ન્યાલ થવાય છે.

## વૈશાખ સુદ બીજ–નિબંધ યોજના

વૈશાખ સુદ બીજના જન્મજયંતિ નિમિત્તે નીચેના કોઈ પણ વિષય ઉપર આપ નિબંધ લખીને, (સંપાદક–આત્મધર્મઃ સોનગઢ–સૌરાષ્ટ્ર) એ સરનામે લખી મોકલો. સૌ કોઈ ભાગ લઈ શકે છે. હિંદી કે ગુજરાતી ભાષામાં વૈશાખ સુદ બીજ પહેલાં ગમે તેવડો નિબંધ મોકલવો.

(૧) ઉત્તમ જીવન કયા પ્રકારે જીવવું?

(૨) જૈન સમાજની ઉન્નતિ કેમ થાય?

(૩) વૈરાગ્યપ્રેરક ઉત્તમ લેખ, કથા કે કાવ્ય.

(૪) વીર નિર્વાણના અઢી હજાર વર્ષ અને ધર્મપ્રચાર.

(૫) વિદ્યાર્થી જીવનની સાથે ધર્મના સંસ્કાર.

(૬) આપણા ભગવાન કેવા છે? તેમને કેમ ઓળખવા.

(૭) ધર્મને લગતા કોઈ પણ વિષય પર લખાણ.

નિબંધ લખનાર દરેક વ્યક્તિને યોગ્ય પુસ્તક ભેટ મોકલાશે, તથા ઉત્તમ નિબંધને માટે સંપાદક તરફથી એક રજતચંદ્રક ભેટ અપાશે.

# ચાલો ઓળખીએ ભગવાનને

એકવાર થયો હાથી ગાંડો
મુનિ પાસે એ આવ્યો,
ઉપદેશ ઝીલી સંત મુનિનો
સમકિત ભાવ જગાડયો.
કાશી–બનારસ નગરી જેની
કર્યા નાગને દેવા,
કમઠે જેને કષ્ટ દીધાં પણ
ક્ષમા ન છોડી એવા.
પરણ્યા નહીં પણ દીક્ષા લીધી,
મોક્ષની શિક્ષા દીધી;
સુવર્ણભદ્ર છે ટૂંક સમ્મેદ પર
ત્યાંથી મુક્તિ લીધી.
લોઢાને એ સોનું બનાવે
આત્માને ભગવાન;
વામાદેવીને છે વહાલા
કરજો એનું જ્ઞાન.

શંખ બજાવી ધરતી ધ્રુજાવી
પછી થયા વૈરાગી,
પશુતણો પોકાર સૂણીને
રથને પાછો વાળી.
સહેસાવનમાં ધ્યાન લગાવી
કેવળ જ્યોતિ જગાવી,
રાજુલને પણ માર્ગ બતાવી
સંયમ–પંથે વાળી.
ગીરનાર ગીરી ટોચ ઉપરથી
પ્રભુજી મોક્ષ પધાર્યા,
જેણે ઓળખ્યા પ્રભુને તેને
મોક્ષના માર્ગ બતાવ્યા.
યદુવંશના ભૂષણ એ તો
'શિવા' નાં સન્તાન,
શંખલક્ષણથી ઓળખો એને
વીરતણાં સન્તાન!

卐

## રવિ કવિ ને અનુભવી

કહેવત છે કે–

જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ;

પરંતુ એ કહેવત અડધી છે, પૂરી કહેવત નીચે પ્રમાણે છે–

જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ,

–અને–

જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી.

# પૂ. શ્રી કાનજીસ્વામી (પ્રવાસ-કાર્યક્રમ)

(પૂ. ગુરુદેવના મંગલપ્રવાસનો કાર્યક્રમ હાલમાં નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો છે.)

| | |
|---|---|
| સોનગઢથી પ્રસ્થાન કરીને રાજકોટ તા. ૬-૨-૭૦ પોષ વદ ૦) ) | |
| જામનગરઃ | તા. ૭ થી ૧૨ (માહ સુદ ૧ થી ૬) |
| જસદણઃ | તા. ૧૩-૧૪ |
| જેતપુરઃ | તા. ૧૫-૧૬-૧૭ |
| ગોંડલઃ | તા. ૧૮ થી ૨૦ |
| જોરાવરનગરઃ | (તા. ૨૧); અમદાવાદ (તા. ૨૨); પાલેજ (તા. ૨૩); સોનગઢ વ્યારા (તા. ૨૪); ધૂલિયા (તા. ૨૫); એદલાબાદ (તા. ૨૬); આકોલા તા. ૨૭ |
| કારંજાઃ | (તા. ૨૮ ફેબ્રુઆરી તથા ૧ માર્ચ) |
| શિરપુરઃ | (અંતરિક્ષ પાર્શ્વનાથ) તા. ૨ થી ૯ માર્ચ; (પંચકલ્યાણક પ્રતિષ્ઠા ફા. સુ. બીજ તા. ૯) |
| જલગાંવઃ | તા. ૧૦ થી ૧૫ માર્ચ (વેદીપ્રતિષ્ઠા ફા. સુ. છઠ્ઠ તા. ૧૩) |
| મલકાપુરઃ | તા. ૧૬ થી ૧૯ (ફા. સુ. ૯ થી ૧૨) |
| ખંડવાઃ | તા. ૨૦ થી ૨૩ |
| રતલામઃ | તા. ૨૪-૨૫ |
| દાહોદઃ | તા. ૨૬-૨૭ |
| અમદાવાદઃ | તા. ૨૮-૨૯ |
| વઢવાણઃ | તા. ૩૦-૩૧ |
| રાજકોટઃ | એપ્રીલ તા. ૧ થી ૧૫ (ફા. વદ ૧૦ થી ચૈત્ર સુદ ૯) |
| મોરબીઃ | તા. ૧૬-૧૭ (ચૈત્ર સુદ ૧૦-૧૧) |
| વાંકાનેરઃ | તા. ૧૮-૧૯ (ચૈત્ર સુદ ૧૨-૧૩) |
| લાઠીઃ | તા. ૨૦-૨૧ |
| સાવરકુંડલાઃ | તા. ૨૨ થી ૨૫ |
| કાનાતળાવઃ | તા. ૨૬ થી ૨૯ (વેદીપ્રતિષ્ઠા ચૈત્ર વદ આઠમ તા. ૨૯) |
| લાઠીઃ | તા. ૩૦ |
| ભાવનગરઃ | તા. ૧ થી ૮ મે (પંચકલ્યાણક પ્રતિષ્ઠા વૈ સુદ ત્રીજ તા. ૮) |
| પુનઃ સોનગઢ પ્રવેશ વૈશાખ સુદ ૪ તા. ૯-૫-૭૦ | |

(વિદ્યાર્થીઓ માટેનો જૈન શિક્ષણ વર્ગ સોનગઢ આવ્યા બાદ શરૂ થશે.)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને મુદ્રકઃ
મગનલાલ જૈન અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૨૭૦૦